RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

**સુવિચાર**

પેલા અને છેલ્લા શ્વાસની વચ્ચે માણસે જે કામ કર્યા હોય તેના પરથી નક્કી થાય છે કે માણસ મૃત્યુ પછી પણ બીજા કેટલા વર્ષ જીવશે...




સરધાર ગામે વડીલો પાર્જીત જમીન બારોબાર વેંચી દઇ ઠગાઇ કરતા ફરીયાદ P-4

Year-16, Issue-254 ■ DATE : 10-02-2026 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# લોકસભા સ્પીકર ઓમ બિરલાને પદથી હટાવવા અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ

## વિપક્ષના ૧૧૮ સાંસદોએ કરી સહી: સ્પીકર ગૃહની કાર્યવાહીમાં પક્ષપાતી વલણ અપનાવી રહ્યા હોવાનો આક્ષેપ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભામાં સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચેનો સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. કોંગ્રેસ સહિતના વિપક્ષી દળોએ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા સામે મોરચો માંડતા તેમના વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ રજૂ કરી છે. વિપક્ષી નેતાઓએ લોકસભાના નિયમ 94(C)નો હવાલો આપી સ્પીકરને પદમુક્ત કરવાની માંગ સાથે લોકસભાના મહાસચિવને આ નોટિસ સોંપી છે.

આ દરખાસ્ત પર કોંગ્રેસ, સપા, ડાબેરી પક્ષો અને આરજેડી સહિતના કુલ ૧૧૮ સાંસદોએ સહી કરી છે. જોકે, તૃણમૂલ કોંગ્રેસે દૂરી જાળવી રાખી છે, જે વિપક્ષી ગઠબંધનમાં આંતરિક મતભેદ હોવાના સંકેત આપે છે.

વિપક્ષનો આરોપ છે કે સ્પીકર ગૃહની કાર્યવાહીમાં પક્ષપાતી વલણ અપનાવી રહ્યા છે અને વિપક્ષનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આ અંગે આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, 'સરકારના દબાણને કારણે સ્પીકર પદની ગરિમા જળવાતી નથી અને તેમણે વડાપ્રધાનના બચાવમાં સફાઈ આપવી પડે છે, જે દુર્ભાગ્યપૂર્ણ છે.'

સંસદના નિયમો મુજબ, સ્પીકરને હટાવવાનો પ્રસ્તાવ પસાર કરવા માટે ઓછામાં ઓછા ૫૦ સાંસદોનું સમર્થન જરૂરી હોય છે અને નોટિસ આપ્યાના ૧૪ દિવસ બાદ તેના પર ચર્ચા હાથ ધરવામાં આવે છે. જ્યારે આ પ્રસ્તાવ વિચારાધીન હોય, ત્યારે સ્પીકર પોતે ગૃહનું સંચાલન કરી શકતા નથી.

# પાકિસ્તાને થુંકેલુ ચાટ્યું: કોલંબોમાં ભારત સામે રમવા તૈયાર

## આઈસીસીએ કડક વલણ અપનાવતા ૧૦ દિવસના નાટક બાદ સુરસુરિયું



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૦ વર્લ્ડ કપ મેચ નિર્ધારિત સમય મુજબ જ રમાશે. બાંગ્લાદેશ અને શ્રીલંકા દ્વારા સમજાવ્યા બાદ પાકિસ્તાન સરકારે પોતાનો બહિષ્કારનો નિર્ણય પાછો ખેંચી લીધો છે, જેનાથી ટુર્નામેન્ટમાં ચાલી રહેલી મડાગાંઠનો અંત આવ્યો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં યોજાવાની છે. આનો અર્થ એ થયો કે પાકિસ્તાન દ્વારા રચવામાં આવેલું નાટક સમાપ્ત થઈ ગયું છે, પરંતુ ICC એ આ સમગ્ર ઘટનામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેના કારણે પાકિસ્તાનને શરણાગતિ સ્વીકારવાની ફરજ પડી હતી.૧૫ ફેબ્રુઆરીએ ભારત અને પાકિસ્તાન વચ્ચે T20 વર્લ્ડ કપ રમાશે. પાકિસ્તાન સરકારે સોમવારે રાત્રે તેના X એકાઉન્ટ પર એક પોસ્ટમાં આ વાતની પુષ્ટિ કરી.

પોસ્ટમાં જણાવાયું છે કે શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફને ફોન કરીને ભારત સામે મેચ રમવા માટે વિનંતી કરી હતી. વધુમાં, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ અમીનુલ ઈસ્લામે પણ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને મેચ રમવાની ભલામણ કરી હતી.

હકીકતમાં, પાકિસ્તાને T20 વર્લ્ડ કપમાંથી બાંગ્લાદેશને બાકાત રાખવાના વિરોધમાં ૧ ફેબ્રુઆરીએ ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી. જોકે, તે ટુર્નામેન્ટની બાકીની મેચ રમવા માટે સંમત થયું હતું.

પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુર કુમારા દિસાનાયકે ટેલિફોન પર વાતચીત કરી. શ્રીલંકાના રાષ્ટ્રપતિએ વિનંતી કરી કે પ્રસ્તાવિત ભારત-પાકિસ્તાન મેચ શ્રીલંકામાં રમાય.

શ્રીલંકાના રાષ્ટ્રપતિએ જણાવ્યું કે આતંકવાદના મુશ્કેલ સમયમાં પાકિસ્તાને શ્રીલંકન ક્રિકેટને સંપૂર્ણ ટેકો આપ્યો હતો. તે જ ભાવનામાં, તેમણે પાકિસ્તાનના સહયોગની અપીલ કરી.

વડા પ્રધાન શાહબાઝ શરીફે શ્રીલંકાના રાષ્ટ્રપતિની ભાવનાઓનું સ્વાગત કર્યું અને કહ્યું કે તમામ હિસ્સેદારો સાથે ચર્ચા કર્યા પછી અંતિમ નિર્ણય શ્રીલંકાને જણાવવામાં આવશે. આ મુશ્કેલ સમયમાં શ્રીલંકા પાકિસ્તાનની સાથે મજબૂત રીતે ઊભું રહ્યું. તાજેતરમાં, શ્રીલંકાની ટીમે પાકિસ્તાનનો પ્રવાસ રદ ન કરીને નોંધપાત્ર સમર્થન દર્શાવ્યું.

PCBના અધ્યક્ષ મોહસીન નકવીએ વડા પ્રધાનને ભારત-પાકિસ્તાન મેચ અંગે તાજેતરની બેઠકો વિશે માહિતી આપી, જેમાં ICC અને BCBના પ્રતિનિધિઓ સામેલ હતા.

પાકિસ્તાન સરકારે BCBની ઔપચારિક વિનંતી અને શ્રીલંકા અને UAE સહિત અન્ય દેશોના સમર્થન પર વિચાર કર્યો.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૪/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૪/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૫૭,૯૬૦ | ₹૨,૯૦,૦૦૦ |
| | ૦ | -૧૦,૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૬૯ | ₹૧૨૪.૧૦ |

# મણિપુરમાં ફરી ભારેલો અગ્નિ: ઉખરૂલમાં હિંસા બાદ કર્ફ્યુનો આદેશ




**મુખ્ય સમાચાર, મણિપુર**

મણિપુરમાં ફરીથી હિંસા ભડકતા સુરક્ષા એજન્સીઓની ચિંતા વધી છે. મહિનાઓ સુધી હિંસાગ્રસ્ત રહ્યા બાદ થોડા દિવસથી મણિપુરમાં શાંતિ હતી. પરંતુ હવે ઉખરુલના એક ગામમાં અનેક ઘરો પર હુમલો કરી આગચંપી કરવામાં આવી છે.

લિટન સારેઈખોંગ ગામમાં આગચંપી અને હિંસા બાદ સમગ્ર ઉખરુલ જિલ્લામાં કરફ્યુ લગાવવાના આદેશ આપવામાં આવ્યા છે. ઈન્ટરનેટ સેવાઓ પણ પાંચ દિવસ માટે રદ કરી દેવામાં આવી છે.

હિંસક તત્વોએ પર્વતીય વિસ્તારોમાં હવામાં ફાયરિંગ પણ કર્યું હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. કેટલાક ગ્રામીણો ઘર છોડીને સુરક્ષિત સ્થાનો પર પલાયન કરી ગયા. ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાતાં તાત્કાલિક ધોરણે ઈન્ટરનેટ બંધ કરવાના આદેશ આપવામાં આવ્યા.

સમગ્ર મામલે તંત્ર કહી રહ્યું છે કે શનિવારે રાત્રે ગામ પાસે સાત-આઠ લોકોએ એક વ્યક્તિને ઢોર માર માર્યો. જે બાદ સમાધાન કરાવવાના પ્રયાસ કરવામાં આવ્યા. રવિવારે બેઠક મળવાની હતી પણ એ પણ થઈ શકી નહીં. જે બાદ સોમવારે અડધી રાતે હથિયારો સાથે આવેલા હુમલાખોરોએ એક વિશેષ સમુદાયના લોકોના ઘરોમાં આગ લગાવી દીધી. પછી તે સમુદાયના લોકોએ પણ સામેપક્ષે આગચંપીના પ્રયાસો કર્યા.

# કેનેડામાં ૩૭ વર્ષીય ભારતીયની ગોળી મારીને હત્યા

## ધોળા દિવસે થયેલી હત્યાથી ભયનો માહોલ: ૨૦૨૬માં ત્રીજો હત્યાકાંડ




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેનેડાના ટોરોન્ટોના ઈટોબિકોકમાં એક મોલની બહાર ૩૭ વર્ષીય ભારતીય વ્યક્તિ ચંદન કુમાર રાજા નંદકુમારની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ધોળા દિવસે થયેલી આ હત્યાથી ભયનો માહોલ સર્જાયો છે.

ટોરોન્ટો પોલીસ બપોરે ૩:૩૦ વાગ્યાની આસપાસ ગોળીબારના સ્થળે પહોંચી હતી. પોલીસે ઘાયલ ભારતીય યુવકને હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં તેનું મૃત્યુ થયું. ઈન્સ્પેક્ટર એરોલ વોટસને કહ્યું કે તેમની પાસે એવું માનવાનું કારણ છે કે ગોળીબાર ઈરાદાપૂર્વક કરવામાં આવ્યો હતો. ૨૦૨૬ માં ટોરોન્ટોમાં આ ત્રીજો હત્યાકાંડ છે.

''હું સમજું છું કે આ પ્રકારની ગોળીબાર, ખાસ કરીને મોલમાં, જાહેર સલામતીના પ્રશ્નો ઉભા કરી શકે છે. અમે સાક્ષીઓ અને વિડીયો શોધીશું. અમે કોઈપણ વ્યક્તિને અપીલ કરીએ છીએ કે જેમણે કંઈપણ જોયું હોય તેઓ અમને જણાવે,'' વોટસને કહ્યું.

# રાજકોટ મનપાના બજેટમાં કમિશનરે સુચવેલા કરવેરા ફગાવાયા

## RMCનું સુધારા વધારા સાથેનું ૩૬૦૪ કરોડનું બજેટ મંજૂર: મહિલાઓ માટે વાર્ષિક ૧૦૦૦ રૂ.માં સિટી અને BRTS બસમાં અનલિમિટેડ મુસાફરી





તસ્વીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકાનું નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નું ૩૫૯૫.૭૦ કરોડનું ડ્રાફ્ટ બજેટ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરા દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. જેનો અભ્યાસ કરી સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આજે ૩૬૦૪.૯૦ કરોડનું બજેટ મંજુર કરવમાં આવ્યું છે. આગામી મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખી મનપા કમિશનરે સૂચવેલા ૯૫ કરોડના કરબોજને ફગાવી દેવા સ્ટેન્ડિંગ કમિટીએ નિર્ણય કર્યો છે. આજના આ બજેટમાં ખાસ શહેરમાં મહિલાઓ માટે નવી ૩ પિન્ક બસ શરૂ કરવા જાહેરાત કરવામાં આવી છે જેમાં ડ્રાઈવર અને કંડકટર બન્ને મહિલા હશે આ ઉપરાંત બસમાં મુસાફરી કરતા સમયે માતાની સાથ તેમન ૧૨ વર્ષ સુધીનું સંતાન સાથે હશે તો તેમન માટેનિઃશુલ્ક મુસાફરી આપવા નિર્ણય કરાયો છે.

રાજકોટ મહાનગર પાલિકાનું નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નું રીવાઈઝ અને ૨૦૨૬-૨૭નું બજેટ આજ રોજ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજુર કરવામાં આવ્યું છે. મ્યુ. કમિશનર દ્વારા કુલ ૩૫૯૫.૭૦ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં અભ્યાસ કરી શાસકો અને સ્ટેન્ડિંગ કમિટીએ અભ્યાસ કરી ૩૬૦૪.૯૦ કરોડનું બજેટ મંજુર કરવામાં આવ્યું છે. મનપા કમિશનર દ્વારા ૯૫ કરોડનો કરબોજ જનતા પર મુકવામા આવ્યો હતો જેને ફગાવી દઈ કરબોજ મુક્ત બજેટ રજૂ કરવામાં આવ્યું છે.

આજે બજેટ રજૂ કરતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરએ જણાવ્યું હતું કે, મિલ્કત વેરા તથા પાણી વેરા ઉપર વ્યાજ માફી યોજનામાં વિસ્તારના મિલ્કત ધારકોને બાકી રહેલ ટેક્સ પર ચડત વ્યાજમાં વ્યાજ માફી આપવા નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં પાણી વેરા પર અને મિલ્કત વેરા પર ૫૦૦૦-૫૦૦૦ મળી કુલ ૧૦,૦૦૦નું વ્યાજ માફી આપવામાં આવશે આ યોજના આગામી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ ઉપરાંત ફ્લાવર બેડ એટલે કે આર્કિટેક્ચરલ પ્રોજેક્શન માટે બી.યુ. રેગ્યુલાઈઝેશન ફીમાં હપ્તા પદ્ધતિ લાગુ રહેશે જેમાં ૫૦ લાખથી ઓછી રકમ હોય તો એક સાથે અને ૫૦ લાખથી વધુ હોય તો એક વર્ષની અંદર ચાર હપ્તાની અંદર રૂપિયા ભરપાઈ કરવાના રહેશે.

વધુમાં તેમને જણાવ્યું હતું કે, રાજકોટ રેસકોર્સ સંકુલ બ્યુટીફીકેશન સાથે નવીનીકરણ પણ કરવામાં આવશે જેમાં અંદરના રસ્તાઓની રી-ડિઝાઈન, ફૂટપાથ, ઓફ સ્ટ્રીટ પાર્કિંગ, અને ખાસ એક દિવ્યાંગો માટે પાર્ક બનાવવામાં આવશે જેના માટે તબક્કા વાર ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવશે. વોર્ડ નંબર ૧૫માં આવેલ મોહનભાઈ સરવૈયા કોમ્યુનિટી હોલનું ૫૦ લાખના ખર્ચે રીનોવેશન કરવામાં આવશે. આ ઉપરાંત રાજકોટમાં પ્રથમ વખત પાણીનો વ્યય અટકે માટે ડિસ્ટ્રીબ્યુશન લાઈનમાં ફ્લોમીટર બેસાડી ઈસ્ટ ઝોનના એક વોર્ડમાં પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે જેના માટે એક કરોડનું બજેટ પ્રોબિઝન રાખવામાં આવી છે. ગ્રીન કવરમાં વધારો કરવા સિનિયર સીટીઝનના નામથી વૃક્ષનું વાવેતર કરવામાં આવશે. જયારે શહેરના તમામ પબ્લિક ટોયલેટ અપગ્રેડ કરવા માટે ૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

રાજકોટ મહાનગર પાલિકાની ઢેબર રોડ સ્થિત સેન્ટ્રલ ઝોન કચેરીને હવે આગામી દિવસોમાં કરણપરા વિસ્તારમાં ૪૨૫૦ ચોરસ વાર જગ્યામાં ખસેડવામાં આવશે. રાજકોટમાં નાના મવા ચોક ખાતે ઓવરબ્રિજ નીચે પીપીપી ધોરણે ગેમઝોન સાથે કાફેટેરિયા બનાવવ-ામાં આવશે જેમાં અંદાજિત ખર્ચ ૮થી ૧૦ કરોડ આંકવામાં આવ્યો છે. જયારે PM બસ સેવા અંતર્ગત ૧૦૦ ઈલેક્ટ્રિક બસ માટે ચાર્જિંગ સ્ટેશન સુવિધા ૨૫.૮૩ કરોડના ખર્ચે અટલ સરોવર નજીક ૨૪,૯૯૦ ચોરસ મીટર વિસ્તારમાં બનાવવામાં આવશે. અટલ સરોવર નજીક રામવન જેવું જ નવું નમો વન બનાવવ-ામાં આવશે. વોર્ડ નંબર ૧૨માં નવો સ્વિમિંગ પુલ બનાવવામાં આવશે. જયારે વેસ્ટ ઝોનમાં ૨૫ કરોડના ખર્ચે નવું શોપિંગ સેન્ટર બનાવવામાં આવશે જેના થકી મનપાને ૮૦ કરોડની આવક પ્રાપ્ત થશે.

મહિલા સુરક્ષિત સફર યોજના અંતર્ગત રાજકોટમાં સિટી અને BRTS બસમાં મહિલાઓ વાર્ષિક ૧૦૦૦ રૂપિયામાં અનલિમિટેડ મુસાફરી કરી શકશે. ત્રણેય ઝોનની અંદર ૩-૩ મળી કુલ ૯ પિંક બસ મુકવામાં આવશે જેમાં ડ્રાઈવર અને કંડકટર પણ મહિલા હશે આ ઉપરાંત આ બસમાં મુસાફરી કરવામાં માતાની સાત તેમના ૧૨ વર્ષ સુધીના સંતાન સાથે મુસાફરી કરશે તો બાળકોને નિઃશુલ્ક મુસાફરી આપવા નિર્ણય કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે રાજકોટમાં લગ્ન નોંધણી માટે પ્રમાણપત્ર અરજી ઓનલાઇન અરજી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે જેમાં ઓનલાઇન ફોર્મ સબમિટ કર્યા બાદ વેરિફિકેશન માટે ચોક્કસ સમયનો સ્લોટ વર અને કન્યાને આપવામાં આવશે.

બજેટમાં આ સિવાય રેસકોર્સ બ્યુટીફીકેશન, નવા બ્રીજના પાયલોટ સ્ટડી, પાણી વિતરણનું મોનીટરીંગ, સીનીયર સીટીઝનના નામે વૃક્ષારોપણ, નાના મવા બ્રીજ નીચે ગેમ ઝોન સાથે કાફેટેરીયા, ઈલે. બસના ચાર્જીંગ સ્ટેશન બનાવાશે. તો પીપીપીના ધોરણે સેન્ટ્રલ ઝોન બિલ્ડીંગના રીનોવેશન, નમોવન, વોર્ડ નં.૧૨માં નવો સ્વીમીંગ પુલ, વેસ્ટ ઝોનમાં નવું શોપીંગ સેન્ટર અને ફુડ ઝોન, મહિલા સુરક્ષીત સફર યોજના, લગ્ન નોંધણી ઓનલાઇન, ૬૦ એલઇડી બોર્ડ, કોમ્યુનિટી હોલ બુકીંગમાં સરળતા જેવી લોકભોગ્ય બાબતો પર ધ્યાન આપવામાં આવ્યું છે.

# અમેરિકાએ હવે બાંગ્લાદેશ સાથે પણ ટ્રેડ ડીલ ફાઇનલ કરી



## બાંગ્લાદેશથી આયાત થતી ચીજવસ્તુઓ પરના ટેરિફ ૨૦ ટકાથી ઘટાડીને ૧૯ ટકા કર્યા

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ભારત બાદ અમેરિકાએ હવે બાંગ્લાદેશ સાથે પણ ટ્રેડ ડીલ ફાઈનલ કરી છે. અમેરિકાએ બાંગ્લાદેશથી આયાત થતી ચીજવસ્તુઓ પરના ટેરિફ ૨૦ ટકાથી ઘટાડીને ૧૯ ટકા કર્યા છે.

અમેરિકાના વ્યાપાર પ્રતિનિધિ જેમીશન ગ્રીરે ટ્રેડ ડીલ પર કહ્યુ કે દક્ષિણ એશિયામાં બાંગ્લાદેશ સાથેના વ્યાપાર કરાર સૌપ્રથમ છે અને અમેરિકન માર્કેટ ખુલ્લુ મુકવાની દિશામાં મહત્વપૂર્ણ કદમ છે. અમેરિકી નિકાસકારોને પણ મહત્વની તક સાંપડશે.


બાંગ્લાદેશના ચીફ એડવાઈઝર મુહમ્મદ યુનુસે પણ કહ્યું કે અમેરિકા સાથેના સંબંધો નવા ઉંચા સ્તરે પહોંચ્યાનો આ પુરાવો છે. નવા કરારને પગલે પ્રારંભીક ૩૭ ટકા ટેરિફ ઘટીને ૨૦ ટકા થયા હતા અને હવે ૧૯ ટકા થયા છે. બાંગ્લાદેશી ટેકસટાઈલ્સ-કોટન નિકાસ માટે ખાસ માર્ગ પણ તૈયાર થશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીના બાળ કલાકારો રાજ્યકક્ષાએ ઝળહળ્યા, વિવિધ ૯ કલા શ્રેણીઓમાં વિજેતા

## પ્રદેશ કક્ષાના વિજેતા સ્પર્ધકો વચ્ચે જામ્યો કલાનો જંગ- વક્તૃત્વ, લોકગીત અને ચિત્રકલા સાહિતની સ્પર્ધાઓમાં બાળ કલાકારોનું કૌશલ્ય ખીલ્યું





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના સંયુક્ત ઉપક્રમે અને જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી-મોરબીના સંચાલન હેઠળ મોરબી ખાતે રાજ્ય કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મોરબીની વેદાંત ગ્લોબલ સ્કૂલ ખાતે તા. ૦૮/૦૨/૨૦૨૬ અને ૦૯/૦૨/૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યના ૧૦૦૦ જેટલા બાળ પ્રતિભાશાળી કલાકારોએ વિવિધ સ્પર્ધાઓમાં પોતાની કલાનું પ્રદર્શન કર્યું હતું.

મોરબીના યજમાનપદે યોજાયેલી આ રાજ્યકક્ષાની સ્પર્ધામાં મોરબી જીલ્લાના બાળ કલાકારોએ પણ પોતાની અદભૂત કલા સાધના થકી મેદાન માર્યું છે. મોરબી જીલ્લાએ વિવિધ કેટેગરીમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરતા કુલ ૯ ઈનામો પોતાના નામે કર્યા છે. જેમાં 'અ' વિભાગમાં વક્તૃત્વ સ્પર્ધામાં દ્વિતીય, એકપાત્રીય અભિનયમાં તૃતીય, લગ્નગીતમાં તૃતીય, લોકવાદ્ય સંગીતમાં દ્વિતીય અને સર્જનાત્મક કારીગરીમાં દ્વિતીય ક્રમાંક મેળવી જીલ્લાની બહુમુખી પ્રતિભાનો પરિચય આપ્યો છે. 'બ' વિભાગમાં પણ કલાકારોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા લોકવાદ્ય સંગીતમાં પ્રથમ અને લગ્નગીતમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. ઉપરાંત, 'ખુલ્લો વિભાગ' માં પણ મોરબીના કલાકારોએ ભજનમાં દ્વિતીય અને લોકનૃત્યમાં તૃતીય ક્રમાંક મેળવી રાજ્યસ્તરે મોરબીની સાંસ્કૃતિક ધરોહરને ગૌરવવંતું સ્થાન અપાવ્યું છે. આ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગુજરાતના વિવિધ જીલ્લાઓમાંથી પ્રદેશ કક્ષાએ પ્રથમ અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી વિજેતા થયેલા બાળ સ્પર્ધકો પોતાના જીલ્લા અને પ્રદેશનું ગૌરવવંતુ પ્રતિનિધિત્વ કરી પ્રતિભાના ઓજસ પાથર્યા હતા. વક્તૃત્વ સ્પર્ધા, સમૂહગીત, લોકગીત, સર્જનાત્મક કારીગરી, ચિત્રકલા અને દુહા-છંદ જેવી કુલ ૧૩ વિવિધ સ્પર્ધાઓમાં બાળકોએ કલા-કૌશલ્ય દાખવ્યું હતું.

બાળકોમાં છુપાયેલી પ્રતિભાઓને શોધી તેમને ઉચિત પ્લેટફોર્મ પૂરું પાડવાના હેતુ સાથે સરકાર દ્વારા રાજ્ય કક્ષાની આ સ્પર્ધાના વિજેતાઓને પોતાની વિશિષ્ટ પ્રતિભાના પ્રદર્શન માટે વિવિધ માધ્યમો થકી ભવિષ્યમાં વધુ બહોળું પ્લેટફોર્મ અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવશે. આ પ્રસંગે જીલ્લા યુવા વિકાસ અધિકારી હિરલ વ્યાસ તથા સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના ગીરગઢડાની વડવિયાળા જીલ્લા પંચાયત બેઠક હેઠળ આવતા અંબાડા ગામે રૂ. ૧૪૦ લાખના ખર્ચે બનનાર પુલનું ખાતમુહૂર્ત

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના ગીરગઢડાના વડવિયાળા જીલ્લા પંચાયતસીટ હેઠળ આવતા અંબાડા ગામે રૂ. ૧૪૦ લાખના ખર્ચે બનનાર પુલનું ખાતમુહૂર્ત તેમજ ધોકડવા જીલ્લા પંચાયત સીટ હેઠળ આવતા સણોસરી-ધોકડવા શાહી નદીમાંઆ બંને પુલનું ઉનાના ધારા-સભ્ય કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક ખાતમુહૂર્ત સંપન્ન કરવામાં આવ્યું હતું. તેમજ અંબાડા ગામે સ્મશાનમાં બનેલ નવો શેડ અને નવી બેંચો (બેઠકો) નું લોકાર્પણ તથા નવનિર્માણ થયેલ આંબેડકર ભવન નું લોકાર્પણ ઉનાના માનનીય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ના હસ્તે રીબીન કાપી અને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ તકે જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોંધરા, તાલુકા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ પ્રવિણભાઈ સાંખટ, જીલ્લા પંચાયતના સદસ્યના પ્રતિનિધિ દકુભાઈ દોમેડીયા, ડાયાભાઈ ગુંદરાસિયા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખના પ્રતિનિધિ ભીખાભાઈ કિડેચા, ધોકડવા ગામના સરપંચ કાંતિભાઈ માળવી, અંબાડા ગામના સરપંચ એલ. બી. કાતરીયા, મનુભાઈ કાતરીયા, ચંદુભાઈ કાતરીયા, મનીષભાઈ જાલોંધરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના લાલપર ગામ નજીક અજાણ્યા વાહનની ઠોકરે બાઈક ચાલક પ્રૌઢનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-વાંકાનેર નેશનલ હાઈવે પર લાલપર ગામ નજીક સર્વિસ રોડ ઉપર અજાણ્યા વાહનની અડફેટે બાઈક ચાલક પ્રૌઢનું મોત થયું છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બાઈક ચાલકને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. ત્યારે અકસ્માત મામલે મૃતકના નાનાભાઈની ફરિયાદને આધારે તાલુકા પોલીસે આરોપી અજાણ્યા વાહનના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

મોરબીના લાલપર ગામ નજીક મોરબી-વાંકાનેર નેશનલ હાઈવે પર એક ગંભીર હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે. જેમાં ગત તા. ૦૧/૦૨/૨૦૨૬ના રોજ રાત્રીના આશરે સાડા આઠથી પોણા નવ વાગ્યાના સુમારે બાઈક ચાલક સુરેશભાઈ ચતુરભાઈ દેત્રોજા ઉ.વ.૫૫ રહે.વર્ધમાન એપાર્ટમેન્ટ-૨૦૪ લીલાપર રોડ મોરબી મૂળરહે. લગધીરનગર-નવાગામ વાળા હીરો હોન્ડા કંપનીનું મોટરસાયકલ રજી.નં. જીજે-૦૩-એફઆર-૦૬૩૦ લઈને લાલપર ખાતે આવેલી પોતાની ઓફિસેથી ઘરે મોરબી તરફ જઈ રહ્યા હતા, તે દરમિયાન લાલપર એસ.બી.આઈ. બેંક સામે આવેલા સર્વિસ રોડ પર અજાણ્યા વાહન ચાલકે બેફામ ઝડપે અને બેદરકારીપૂર્વક વાહન ચલાવી બાઈકને ઠોકર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ સુરેશભાઈને ઘટના સ્થળે હાજર રહેલા અજાણ્યા બે ઈસમોએ પ્રાઈવેટ વાહનમાં મોરબીની ક્રિષ્ના હોસ્પિટલે ખસેડ્યા હતા. જ્યાં હાજર ડોક્ટરે જોઈ તપાસી સુરેશભાઈને મૃત જાહેર કર્યા હતા. ત્યારે સમગ્ર અકસ્માતના બનાવ મામલે મૃતકના ભાઈ રાજનીશભાઈ ચતુરભાઈ દેત્રોજાની ફરિયાદને આધારે મોરબી તાલુકા પોલીસે આરોપી અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# "મળી માતૃભાષા મને ગુજરાતી": વી. પી. હાઈસ્કૂલ, વીરનગર ખાતે ૧૬ ફેબ્રુઆરીના કવિસંમેલન યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માતૃભાષા મહોત્સવ-૨૦૨૬ની ઉજવણી અંતર્ગત ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને વી. પી. હાઈસ્કૂલ, વીરનગરના સંયુક્ત ઉપક્રમે કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કવિસંમેલન તા. ૧૬/૦૨/૨૦૨૬, સોમવારના રોજ બપોરે ૩ કલાકે વી. પી. હાઈસ્કૂલ, વીરનગરના મધ્યસ્થ ખંડમાં યોજાશે.

''મળી માતૃભાષા મને ગુજરાતી'' અંતર્ગત આયોજિત કવિસંમેલનમાં જાણીતા કવિ હરેશ વડાવીયા, કવિ પૂ. બાપુ અને કવિશ્રી મુકેશ દવે કાવ્યરસધાર વહાવશે.

આ પ્રસંગે સાહિત્યરસિકોને માતૃભાષા પ્રત્યેની લાગણી અને સાહિત્યિક અભિવ્યક્તિનો અનોખો અનુભવ મળશે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડો.જયેન્દ્રસિંહ જાદવ અને વી. પી. હાઈસ્કૂલ, વીરનગરના આચાર્ય અશ્વિનભાઈ ગીડા દ્વારા તમામ સાહિત્યપ્રેમી નાગરિકોને આમંત્રણ પાઠવવામાં આવે છે.

# ઉના વિસ્તારમાં મારામારીના ગુન્હામા નાસતા ફરતા બે આરોપીને પકડી પાડતી ગીર સોમનાથ પોલીસ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા નાઓની સુચના માર્ગદર્શન એલ.સી.બી.નાઈ. ચા.પો.ઈન્સ. એસ.વી.રાજપુત તથા પો.સબ એ.સી.સિંધવપો.ઇન્સ. એચ.એલ.જેબલીયા નાઓની રાહબરી હેઠળ પો.હેડ કોન્સ.અરવિંદભાઈ જાની તથા પો. કોન્સ.સંદીપસિંહ ઝણકાટ નાઓને મળેલ બાતમી આધારેગુ.ર.નં.૧૧૧૮૬૦૦૮૨૫૧૭૯૫/૨૦૨૫ બી.એન.એસ.-૨૦૨૩ ની કલમ ૧૦૯(૧), ૧૧૭(૨), ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબના ગુન્હાના કામે નીચે જણાવેલ વિગત મુજબના ગુન્હાના કામે પકડવાના બાકી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



પકડેલ નાસત ફરતા આરોપીઓ (૧) રાકેશભાઇ શૈલેષભાઇ વાળા, ઉ.વ.૨૮ ધંધો-રીક્ષા ડ્રાઈવિંગ રહે-ઉના રેલ્વે સ્ટેશન પાસે, ચુનાર ભટ્ટી પાસે તા-ઉના જી ગીર સોમનાથ (૨) મયુરભાઇ શશીભાઇ બાંભણીયા ચુનારા ઉ.વ.૨૨ ધંધો-પ્રા.નોકરી રહે-ઉના રેલ્વે સ્ટેશન પાસે, ચુનાર ભટ્ટી પાસે તા ઉના જી ગીર સોમનાથ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

# વાંકાનેરમાં ઘરફોડ ચોરી કરનાર ગેંગ ઝડપાઈ, બે આરોપી અને એક બાળ કિશોરની અટકાયત



**મુખ્ય સમાચાર, જામનગર**

વાંકાનેર શહેરમાં બંધ મકાનોમાં થયેલી ઘરફોડ ચોરીના બે ગુનાનો વાંકાનેર સીટી પોલીસે ભેદ ઉકેલી લીધો છે. સીસીટીવી, ટેકનિકલ સર્વેલન્સ અને ટાવર ડમ્પના આધારે વડોદરાથી બે આરોપી તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને ચોરીના મુદામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા છે. કુલ રૂ.૧.૨૦ લાખનો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

વાંકાનેર શહેરમાં ગઇ તા.૧૦/૦૧/૨૦૨૬ના રોજ રાત્રી દરમ્યાન અલગ અલગ સોસાયટી વિસ્તારમાં બંધ મકાનોના દરવાજાના તાળા અને નકુચા તોડી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરીની ઘટનાઓ બની હતી. આ અંગે તા.૧૧/૦૧/૨૦૨૬ વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાઈ હતી. ત્યારે વાંકાનેર પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એ. જાડેજાના માર્ગદર્શન હેઠળ વાંકાનેર સીટી પોલીસ અને સર્વેલન્સ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી ચોરી થયેલા વિસ્તારોના આજુબાજુના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત ટેકનિકલ સોર્સ અને ટાવર ડમ્પ મારફતે શંકાસ્પદ મોબાઈલ નંબરોની સી.ડી.આર. તપાસવામાં આવી હતી. આ દરમિયાન પોલીસ હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ વાઘડિયા, વિરેન્દ્રસિંહ ઝાલા, વિશ્વરાજસિંહ ઝાલા તથા કોન્સ્ટેબલ રાણીંગભાઈ ખવડ દ્વારા ખાનગી રાહે મેળવેલ માહિતીના આધારે વડોદરાથી આરોપી રાજાસિંઘ સતનામસિંઘ બાવરી રહે. શંકરનગર સયાજીગંજ વડોદરા તથા આરોપી કુલદિપસિંઘ બીરસિંઘ ટાંક ઉવ.૨૭ રહે. સાકરદા ગામ તા.જી.વડોદરા એમ બે ઇસમો અને એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને ઝડપી લેવામાં આવ્યા હતા. આરોપીઓની સઘન પુછપરછ દરમ્યાન આરોપીઓએ વડોદરાથી મોટરસાયકલ લઈ આવી વાંકાનેરના અલગ અલગ વિસ્તારોમાં રાત્રી દરમ્યાન બંધ મકાનોના તાળા તોડી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કર્યાની કબૂલાત આપી હતી. પકડાયેલા આરોપીઓ પાસેથી આશરે ૭ તોલા વજનની સોનાની લગડી કિ.રૂ.૧,૦૦,૦૦૦/- તથા રોકડ રૂ.૨૦,૦૦૦/- મળી કુલ રૂ.૧,૨૦,૦૦૦/-નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો છે. વધુમાં પોલીસ તપાસમાં ખુલ્યું છે કે આરોપીઓ રાત્રી દરમ્યાન મોટરસાયકલ પર સોસાયટીઓમાં ફરી બંધ મકાનોના તાળા લોખંડના સળીયા અથવા ડિસ્મિસથી તોડી મકાનમાં પ્રવેશ કરી ચોરી કરતા હતા. પકડાયેલા બંને આરોપીઓ વિરુદ્ધ અગાઉ પણ અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં ચોરીના ગુન્હાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.

# ટંકારા મહિલાના ગળામાંથી સોનાના હારની ચીલઝડપ કરનાર અને ઢાળીયો બનાવી વેચનાર બે આરોપી ઝડપાયા

## મોરબી ક્રાઈમ બ્રાંચે ૧૦૦% મુદામાલ કર્યો કબજે



**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના મિતાણા ઓવરબ્રિજ પાસે ઓટોરિક્ષામાં જઈ રહેલી મહિલાના ગળામાંથી સોનાનો હાર ઝુંટવી ભાગી જનાર આરોપી અને ચોરાયેલા દાગીનાનો ઢાળીયો બનાવી વેચનાર સોનીને મોરબી ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધા છે. સી.સી.ટી.વી., ટેકનિકલ માહિતી અને હ્યુમન સોર્સના આધારે ગુનાનો ભેદ ઉકેલી કુલ રૂ. ૬.૮૧ લાખનો ૧૦૦ ટકા મુદ્દામાલ કબજે કરાયો છે.

ટંકારાના મિતાણા ગામ નજીક ગત તા.૦૪/૦૨/૨૦૨૬ના રોજ બપોરના સમયગાળામાં ઓટોરિક્ષા-માં પરિવાર સાથે જઈ રહેલી પલાસ ગામ તા.વાંકાનેર ખાતે રહેતા ધુનાબેન હકાભાઈ ગમારા નામની મહિલાના ગળામાંથી સોનાના હારની ચીલઝડપ કરીને અજાણ્યો ઈસમ નાસી ગયો હતો. કાળા રંગના મોટરસાયકલ પર આવેલા, લાલ મરૂન ટી-શર્ટ પહેરેલા અને મોઢે રૂમાલ બાંધેલા આશરે ૩૦થી ૩૫ વર્ષની વય ધરાવતા ઈસમે ફરીયાદીના ગળામાં પહેરેલ આશરે પાંચ તોલાનો ટીલીવાળો સોનાનો હારનો અડધો ભાગ અંદાજે બે સવા બે તોલા જેની કિંમત આશરે રૂ.૧,૨૫,૦૦૦/- હતી. આ અંગે ટંકારા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

ગુનાની ત્વરિત તપાસ દરમિયાન મોરબી ક્રાઈમ બ્રાંચ અને પેરોલ-ફર્લો સ્ક્વોડ દ્વારા સી.સી.ટી.વી. ફૂટેજ, ટેકિન્કલ સાધનો અને હ્યુમન સોર્સની મદદથી આરોપીની ઓળખ કરવામાં આવી હતી. તપાસમાં રાજકોટનો રહેવાસી આરોપી સંદીપભાઈ જીતેન્દ્રભાઈ પંડ્યાની અટકાયત કરવામાં આવી હતી. જેની સઘન પૂછ્તાછમાં તેણે ગુનો કબૂલ કર્યો હતો. આરોપીએ ચોરી કરેલો સોનાનો હાર રાજકોટના સોની બજારમાં શ્રીકાંતભાઈ હેમંતભાઈ સોની પાસે ઢાળીયો બનાવી વેચી નાખ્યો હોવાનું ખુલ્યું હતું. જેથી પોલીસે બંન્ને આરોપીઓની અટક કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ૨૨ કેરેટનો ૨૩.૬૬૦ ગ્રામ વજનનો સોનાનો ઢાળીયો કિ.રૂ.૩,૩૧,૦૦૦/-, ચીલઝડપમાંથી મળેલા રોકડા રૂ.૩,૦૦,૦૦૦/- તથા ગુનામાં વપરાયેલ હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ રજી.નં. જીજે-૦૩-એનઈ-૫૦૫૪ કિ.રૂ.૫૦,૦૦૦/- સહિત કુલ રૂ.૬,૮૧,૦૦૦/-નો મુદામાલ કબજે કર્યો છે. પકડાયેલા બંને આરોપીઓને ધોરણસરની કાર્યવાહી બાદ આરોપી તથા મુદામાલ સાથે આગળની તપાસ માટે ટંકારા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા છે.

# રાજકોટ સહિત અનેક શહેરોમાં સવારે ગાઢ ધુમ્મસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાલમાં જ કાશ્મીરમાં થયેલી હિમવર્ષાનાં પગલે વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સર્જાતા આજે સવારથી ફરી હવામાન પલ્ટો સર્જાયો છે અને રાજકોટ સહિત સૌરાષ્ટ્ર- ગુજરાતમાં સવારે ગાઢ ધુમ્મસ સાથે ઉત્તર-પશ્ચિમ દિશામાંથી ઠંડા પવનો ફુંકાયા હતા. આથી છેલ્લા કેટલાક દિવસોથી ગાયબ થઈ ગયેલી ઠંડીનો આજે સવારે ફરી અનુભવ થયો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ હજુ આજથી બે દિવસ માટે સવારે ભેજ વાળુ હવામાન રહેશે અને ઠંડો પવન ફુંકાવા સાથે ૧૫થી ૨૦ ડીગ્રી વચ્ચે લઘુતમ તાપમાન રહેશે. દરમ્યાન આજે સવારે રાજકોટમાં ૯૮ ટકા ભેજ સાથે ૮ કી.મી.ની ઝડપે ઠંડો પવન ફુંકાયો હતો અને લઘુતમ તાપમાન ૧૫.૩ ડીગ્રી નોંધાયું હતું. તેમજ સવારે ભેજ વધુ રહેતા ગાઢ ધુમ્મસ પણ છવાયુ હતું. આજ રીતે અન્ય સ્થળોએ પણ સવારે ધુમ્મસ સાથે ઠંડો પવન ફુંકાયો હતો. નલીયા ખાતે પણ આજે સવારે તાપમાન ગગડયુ હતું અને લઘુતમ તાપમાન ૧૪.૪ ડીગ્રી નોંધાયુ હતું. તથા પોરબંદરમાં ૧૪.૫, વેરાવળમાં ૧૫.૯ જયારે કંડલામાં ૧૬, ગાંધીનગરમાં ૧૬.૮, અમદાવાદમાં ૧૭, અમરેલીમાં ૧૪.૮, વડોદરામાં ૧૬.૪, દ્વારકામાં ૧૯ ડીગ્રી લઘુતમતાપમાન નોંધાયું હતું.

# હળવદમાં 'તેરા તુઝકો અર્પણ' અંતર્ગત લૂંટ કેસમાં રિકવર થયેલ રોકડ ફરીયાદીને પરત કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**



હળવદના રાણેકપર રોડ પર થયેલી લૂંટના કેસમાં હળવદ પોલીસે ઝડપી કાર્યવાહી કરી રૂ.૫,૧૯,૮૦૦/- રોકડા રિકવર કરી ''તેરા તુઝકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત ફરીયાદીને પરત આપ્યા છે. ડીવાયએસપી સમીર સારડાના હસ્તે રકમ સોંપવામાં આવી હતી. હળવદના રાણેકપર રોડ પર થયેલી લૂંટના બનાવની હળવદ પોલીસ દ્વારા સઘન તપાસ ચલાવવામાં આવી રહી હતી. આ લૂંટમાં ફરીયાદી રજનીકાંતભાઈ ભીખાભાઈ દેથરીયા રહે.આનંદ બંગ્લોઝ રાણેકપર રોડ હળવદ વાળા બાઇક ઉપર જઈ રાહત હોય ત્યારે આંખમાં મરચું છાંટી તેમની પાસેથી કુલ રૂ.૬,૯૦,૦૦૦/- રોકડા લૂંટવામાં આવ્યા હતા. આ કેસની પોલીસ તપાસ દરમિયાન આ ગુનામાં સંડોવાયેલા આરોપી રાહુલ ઉર્ફે પિંગરો હળવદીયા તથા કિશન પરસાડીયાને ઝડપી લેવામાં આવ્યા હતા. તેમની પાસેથી લૂંટમાં ગયેલા રોકડા પૈકી રૂ.૫,૧૯,૮૦૦/- રિકવર કરવામાં આવ્યા હતા. રિકવર થયેલી રકમ ફરીયાદીને પરત મળે તે માટે જરૂરી કાર્યવાહી હળવદ પોલીસે સત્વરે પૂર્ણ કરી ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત ડીવાયએસપી સમીર સારડાના હસ્તે ફરીયાદીને રૂ.૫,૧૯,૮૦૦/- રોકડા પરત સોંપવામાં આવ્યા હતા.

# જામનગર જિલ્લા પંચાયતનું રૂપિયા ૧૬.૭૭ કરોડનું બજેટ મંજૂર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પંચાયતનું વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું રૂ ૧૬.૭૭ કરોડનું સ્વભંડોળની આવક સાથેનું બજેટ સામાન્ય સભામાં મંજૂર કરવામાં આવ્યું છે. આ બજેટમાં માર્ગોના સમારકામ માટે રૂ ૭૦ લાખ અને શિશુ યોજના અંતર્ગત રૂ.૧૫ લાખની નવી જોગવાઈ કરવામાં આવી છે.



આ બેઠકમાં રૂદ્રાય ઈન્ફ્રાસ્ટ્રક્ચર એજન્સીને બ્લેકલિસ્ટ કરવાનો ઠરાવ પણ પસાર કરાયો હતો.જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસરના અધ્યક્ષસ્થાને મળેલી બજેટ બેઠકમાં આ પ્રસ્તાવ રજૂ કરાયો હતો. બજેટમાં પુલ સહિતના કામોમાં વિલંબ અને બોગસ એફડીઆર રજૂ કરવા બદલ રાજકોટની રૂદ્રાય ઈન્ફ્રાસ્ટ્રક્ચર એજન્સીને જિલ્લા પંચાયતના કામોમાંથી બ્લેકલિસ્ટ કરવાનો નિર્ણય લેવાયો હતો.

આ કંપની સામે અગાઉ પણ અનેક ફરિયાદો નોંધાઈ હતી.બેઠક દરમિયાન કારોબારી સમિતિની મિનિટ્સ સમયસર ન મળતી હોવાના મુદ્દે ધારાસભ્ય હેમત ખવા અને કોંગ્રેસના સભ્ય જે.પી. મારવીયાએ અસહમતી વ્યક્ત કરી હતી. આ અંગે બંને નેતાઓએ ઉગ્ર રજૂઆતો કરી હતી, છતાં ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.આ બજેટ બેઠકમાં, ધારાસભ્ય મેઘજી ચાવડા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ધરમશી ચનિયારા, ડીડીઓ અંકિત પન્નુ તેમજ અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. બજેટમાં આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

# જામનગર શહેરમાં પોલીસે સ્પેશ્યલ ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં ગતરાત્રિના પોલીસે સ્પેશ્યલ ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં ૨૪૭ વાહન ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. શહેરમાં તાજેતરમાં જ અમુક વાહન ચાલકો સ્પીડમાં વાહનો ચલાવીને ચીચીયારીઓ પાડીને લોકોને ભયમાં મુક્યા હોવાનો વિડીયો વાયરલ થતાં પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. તમામ વાહન ચાલકોને પકડીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. જે બાદ શહેરના ત્રણેય ડિવિઝન તેમજ એલસીબી, એસઓજી અને ટ્રાફીક પોલીસ સ્ટેશનના પીઆઈ તેમજ પોલીસ કર્મીઓની જુદી જુદી ૧૫ જેટલી ટીમો બનાવવામાં આવી હતી. શહેરના રાત્રિના સ્પેશ્યલ ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી.વિવિધ પોઈન્ટ ઉપર વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૭૪૩ વાહનો ચેક કરવામાં આવ્યા હતા. વાહનો ૯ ડીટેઈન, ૧૮૫ હેઠળ ૫, હથિયારભંગ જાહેરનામા ભંગની ૯, કેફી પીણુ પીધેલા ૫ કેસ કરવામાં આવ્યા છે. તેમજ ફોરવ્હીલ કારમાં બ્લેક ફિલ્મો, નંબર પ્લેટ વગરના વાહનો, ફેન્સી નંબર પ્લેટવાળા મળીને કુલ ૧૪૪ કેસ કરવામાં આવ્યા છે. તેમજ ૭૫ વાહન ચાલકો પાસેથી રૂ. ૩૪,૨૦૦નો દંડ વસુલાયો હતો. રાત્રિ ઉપરાંત દિવસની પણ ખાસ ટ્રાફીક ડ્રાઈવ યોજવી જરૂરી જામનગર શહેરમાં છેલ્લા થોડા સમયથી અમુક લુખ્ખા તત્ત્વો ધુમ સ્ટાઈલમાં વાહનો ચલાવીને અન્ય લોકોને ભયમાં મુકવામાં આવે છે. તાજેતરમાં જ રાત્રિના અમુક વાહન ચાલકોએ ફેલાવેલા ભયના કારણે પોલીસ હરકતમાં આવી છે. જેથી હાલ અમુક વાહન ચાલકો બેફામ બની રહ્યા હોવાથી તેના ઉપર લગામ લગાવવી જરૂરી બની છે. જેથી રાત્રિની જેમ દિવસ દરમિયાન પણ પોલીસે સમયાંતરે ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી.

# મોરબી મનપામાં એપ્રેન્ટિસની ભરતી; ૧૨ ફેબ્રુઆરીએ વોક-ઇન ઇન્ટરવ્યૂ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી યોજના અંતર્ગત સેનેટરી સબઇન્સ્પેક્ટરની ૩૦ એપ્રેન્ટિસ જગ્યાઓ માટે તા.૧૨/૦૨/૨૦૨૬ના રોજ વોક-ઈન ઈન્ટરવ્યૂ યોજાશે.

ઈચ્છુક ઉમેદવારોએ સવારે ૧૦ વાગ્યે મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ગાંધીચોક ખાતે જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેવાનું રહેશે. મોરબી મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના હેઠળ સેનેટરી સબઇન્સ્પેક્ટરની કુલ ૩૦ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ ભરતી માટે તા. ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ વોક-ઇન ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું છે.

ઈન્ટરવ્યૂ મોરબી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ગાંધીચોક ખાતે લેવામાં આવશે. આ ભરતી માટે ઇચ્છા ધરાવતાં યુવક-યુવતીઓએ પોતાના પૂર્ણ અભ્યાસના પ્રમાણપત્રો તેમજ બાયોડેટા સાથે સવારે ૧૦ વાગ્યે હાજર રહેવાનું રહેશે.

# રાષ્ટ્રીય કૃમિનાશક દિવસઃ સ્વસ્થ બાળપણ તરફ એક મહત્વપૂર્ણ પગલું

## ૧ વર્ષનાં બાળકથી લઈને ૧૯ વર્ષ સુધીનાં યુવાનોએ વર્ષમાં બે વાર કૃમિનાશક ગોળી પીવી જોઈએ; કૃમિથી બાળકોમાં કુપોષણ, એનિમિયા, ઓછી યાદશક્તિ જેવી સમસ્યાઓ જોવા મળેઃ ડો. મિત કણસાગરા

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખનઃ જીતેન્દ્ર નિમાવત**

રાજકોટ જિલ્લા આરોગ્ય વિભાગ તેમજ રાજકોટ સિવિલ હોસ્પિટલ દ્વારા કૃમિલક્ષી બીમારી સામે બાળકોને રક્ષણ આપવા ઝૂંબેશ ચલાવીને પરિણામલક્ષી કામગીરી કરાઈ છે. કૃમિનાશક ગોળી પીવડાવવાના અભિયાન ચલાવી એકપણ બાળક ગોળીથી વંચિત ન રહે તેની તકેદારી રાખવામાં આવે છે.

૧ વર્ષનાં બાળકથી લઈને ૧૯ વર્ષનાં યુવાનો દ્વારા જો કૃમિનાશક ગોળી લેવામાં ન આવે તો કૃમિ સંક્રમણનાં લીધે એનિમિયા, ઓછી યાદશક્તિ તથા કુપોષણ જેવી સમસ્યાઓ થઈ શકે છે. પરંતુ જિલ્લા આરોગ્ય વિભાગ તેમજ સિવિલ હોસ્પિટલ સહિત તબીબોની ટીમો દ્વારા નિયમિત ઝૂંબેશ ચલાવી બાળકોને કૃમિનાશક ગોળી-સિરપ પીવડાવવામાં આવે છે.

ભારત સરકાર દ્વારા બાળકોના આરોગ્યને સુરક્ષિત બનાવવા દર વર્ષે ૧૦ ફેબ્રુઆરીનાં રોજ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ ઉજવવામાં આવે છે. રાજકોટ ઝનાના હોસ્પિટલનાં બાળ વિભાગનાં તબીબે ૧ વર્ષનાં બાળકથી લઈ ૧૯ વર્ષનાં યુવાનોને કૃમિથી સાવચેત રહેવા માર્ગદર્શન આપી બાળકોને દર છ મહિને કૃમિનાશક ગોળી પીવડાવવા વાલીઓને અપીલ કરી હતી.

આ દિવસનો મુખ્ય હેતુ બાળકો અને કિશોરોમાં થતા આંતરડાના કૃમિનું નિવારણ કરવાનો છે. આંતરડાના કૃમિ મુખ્યત્વે અસ્વચ્છતા, ખુલ્લામાં શૌચ, ગંદુ પાણી અને અશુદ્ધ ખોરાકના કારણે થાય છે. આ કૃમિ બાળકોના શરીરમાં રહેલું પોષણ શોષી લે છે, જેના કારણે કમજોરી, લોહીની કમી (એનિમિયા), વજન ન વધવું, થાક, અભ્યાસમાં ધ્યાન ન લાગવું જેવી સમસ્યાઓ ઊભી થતી હોવાનું બાળ વિભાગનાં તબીબ ડો.મિત કણસાગરાએ જણાવ્યું હતું.

ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય કૃમિનાશક કાર્યક્રમ ચાલે છે. આ કાર્યક્રમ અંતર્ગત ૧ થી ૧૯ વર્ષ સુધીના તમામ બાળકો અને કિશોરોને એલ્બેન્ડાઝોલ નામની ગોળી આપવામાં આવે છે. આ ગોળી શાળાઓ, આંગણવાડીઓ અને આરોગ્ય કેન્દ્રોમાં આરોગ્યકર્મીઓ અને શિક્ષકોની દેખરેખ હેઠળ આપવામાં આવે છે.

રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ માત્ર દવા આપવાનો દિવસ નથી, પરંતુ સ્વચ્છતા, હાથ ધોવાની આદત, શુદ્ધ પાણી પીવું, નખ કાપેલા રાખવા અને ખુલ્લામાં શૌચ ન કરવું જેવી સ્વસ્થ જીવનશૈલી અંગે બાળકો અને વાલીઓમાં જાગૃતિ લાવવાનો પણ અવસર છે.

સ્વસ્થ બાળક એટલે સ્વસ્થ સમાજ અને સ્વસ્થ રાષ્ટ્ર. કૃમિનાશક કાર્યક્રમ બાળકોના શારીરિક વિકાસ સાથે તેમની શૈક્ષણિક ક્ષમતામાં પણ સુધારો લાવે છે. તેથી, માતા-પિતા, શિક્ષકો અને સમાજના દરેક સભ્યએ આ અભિયાનમાં સહકાર આપી, બાળકોને નિયમિત રીતે કૃમિનાશક ગોળી લેવડાવવી જોઈએ.

રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ આપણને યાદ અપાવે છે કે, એક નાનું પગલું પણ મોટા આરોગ્ય પરિવર્તન તરફ લઈ જઈ શકે છે.

# ગોંડલ, જેતપુર અને ભાયાવદરમાં ટ્રાફિક બ્રિગેડ માટે માનદ સેવકની ભરતી

## ગોમટા ટ્રાફિક શાખા ખાતે ૨૫ ફેબ્રુઆરી સુધીમાં ફોર્મ જમા કરાવવાનું રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ, રાજકોટ ગ્રામ્ય દ્વારા સંચાલિત ટ્રાફિક બ્રિગેડ માટે માનદ સેવા આપવા ઈચ્છતા પુરૂષ તથા મહિલા મળીને કુલ ૨૦ ઉમેદવારોની નગરપાલિકા વિસ્તારમાં ટ્રાફિક નિયમનની કામગીરી માટે આગામી માસમાં કરાશે. જે અન્વયે ગોંડલ નગરપાલિકા વિસ્તારમાં ૯, જેતપુર નગરપાલિકા વિસ્તારમાં ૮ અને ભાયાવદર નગરપાલિકા વિસ્તારમાં ૩ માનદ સેવકોની ભરતી કરાશે.

લાયકાત : ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ૩૫ વર્ષ, અભ્યાસ ધોરણ ૧૦ પાસ, ઉંચાઇ પુરૂષ ઉમેદવાર માટે ૫ ફીટ ૦૫ ઇંચ, મહિલા ઉમેદવાર માટે ૫ ફીટ હોવી જોઈએ. પુરૂષ ઉમેદવાર માટે ૮૦૦ મીટર દોડ ૪ મિનીટમાં અને મહિલા ઉમેદવાર માટે ૪૦૦ મીટર દોડ ૨.૫ મિનીટમાં પૂરી કરવાની રહેશે. એન.સી.સી., એન.એસ.એસ., આર.એસ.પી. વગેરે પ્રવૃતિ કરેલા તથા આર્મી, પોલીસ ભરતી પ્રક્રિયામાં ઇન્ટરવ્યુ પાસ કરેલા ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે.

ફોર્મ મેળવવાના સ્થળ : (૧) ગોમટા ટ્રાફિક શાખા, ચરખડી પાટીયા પાસે, નેશનલ હાઇ-વે રોડ., (૨) ગોંડલ સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન., (૩) ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન., (૪) જેતપુર સીટી પોલીસ સ્ટેશન., (૫) જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન., (૬) ભાયાવદર પોલીસ સ્ટેશન.

ફોર્મ મેળવવાની તારીખ ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬થી ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ (સવારે ૯:૩૦ કલાકથી સાંજે ૬:૩૦ કલાક સુધી)

ફોર્મ ભરી જમા કરાવવાની છેલ્લી તારીખ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૬ કલાક સુધીમાં

ફોર્મ જમા કરાવવાનું સ્થળ ગોમટા ટ્રાફિક શાખા, ચરખડી પાટીયા પાસે, નેશનલ હાઇ-વે રોડ

ભરતી સ્થળ માઉન્ટેન પોલીસ ગ્રાઉન્ડ, જિલ્લા જેલની પાછળ, રાજકોટ

ભરતી તારીખ ૦૫ માર્ચ, ૨૦૨૬

કોઇ ગુનો નોંધાયેલો ન હોય અને તબીબી દ્રષ્ટીએ શારીરિક રીતે સક્ષમ ખોડ-ખાંપણ વગરના ઉમેદવારોએ ફોર્મ મેળવી સ્વહસ્તાક્ષરમાં ભરવાનું રહેશે. આ ફોર્મ પાસપોર્ટ સાઇઝના ફોટા, જે-તે વિસ્તારના રહેઠાણના પુરાવામાં આધાર કાર્ડ, રાશન કાર્ડ, ચુંટણી કાર્ડની સ્વપ્રમાણિત નકલો અને કોઇ ગુનો નોંધાયેલ નથી તેના પ્રમાણપત્ર સાથે તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના સાંજે ૦૬ કલાક સુધીમાં પહોંચાડવાનું રહેશે. પસંદ થયેલા ઉમેદવારોને માનદ સેવા પેટે ફરજની જગ્યા પર આવવા-જવા અને ચા-નાસ્તાના ખર્ચ પેટે પ્રતિ દિવસ રૂ. ૪૫૦ રાજકોટ જિલ્લા ટ્રાફિક એજ્યુજેશન ટ્રસ્ટ, દ્વારા અપાશે, તેમ રાજકોટ જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે.

# જામનગરની ગુરુ ગોવિંદસિંહ સરકારી હોસ્પિટલ ખાતે 'તમાકુ મુક્તિ કેન્દ્ર' કાર્યરત કરાયું

## વ્યસન છોડવા ઈચ્છતા લોકોને વિનામૂલ્યે મળી રહેશે પરામર્શ સહિત તબીબી સહાય




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની સુપ્રસિદ્ધ ગુરુ ગોવિંદસિંગ સરકારી હોસ્પિટલ દ્વારા જાહેર જનતાના સ્વાસ્થ્યના હિતમાં એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. વ્યસનમુક્ત સમાજની દિશામાં એક કદમ આગળ વધતા હોસ્પિટલ ખાતે 'તમાકુ મુક્તિ કેન્દ્ર' દરરોજ કાર્યરત કરવામાં આવ્યું છે. આ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ્ય તમાકુ, બીડી, સિગારેટ કે માવા જેવા જીવલેણ વ્યસનોથી પીડાતા લોકોને વ્યસન છોડવા માટે પ્રોત્સાહિત કરવાનો અને તેમને જરૂરી તબીબી સહાય પૂરી પાડવાનો છે.આ કેન્દ્ર ખાતે તમાકુ છોડવા ઈચ્છતા નાગરિકોને નિષ્ણાંતો દ્વારા સંપૂર્ણપણે નિઃશુલ્ક માર્ગદર્શન અને કાઉન્સેલિંગ આપવામાં આવે છે. જે વ્યક્તિઓ વ્યસન છોડવા માંગે છે પરંતુ મક્કમતા નથી કેળવી શકતા તેમને અહીં માનસિક અને તબીબી રીતે મજબૂત બનાવવામાં આવે છે. આ સેવા જામનગરની ૭૦૦ બેડની નવી બિલ્ડિંગમાં પ્રથમ માળે આવેલા માનસિક રોગ વિભાગની ઓપીડીમાં કાર્ય સમય દરમિયાન ઉપલબ્ધ રહેશે.આરોગ્ય તંત્ર દ્વારા જામનગર જિલ્લાની જાહેર જનતાને આ સેવાનો મહત્તમ લાભ લેવા અને પોતાના પરિવારને વ્યસનમુક્ત બનાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. વ્યસન છોડવા માટેની આ એક ઉત્તમ તક હોઈ, જરૂરિયાતમંદ નાગરિકોએ હોસ્પિટલના માનસિક રોગ વિભાગનો સંપર્ક કરવા જણાવાયું છે.

# મોરબીના પાનેલી ગામે જુના મનદુઃખનો ખાર રાખી યુવકને ચાર શખ્સોએ માર માર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના પાનેલી ગામે અગાઉની બોલાચાલીનો ખાર રાખી યુવકને તેના ફુવા સહિત ચાર શખ્સોએ લાકડીઓ અને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે હુમલામાં ઈજાગ્રસ્ત યુવકને મોરબી બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હ ઈજાગ્રસ્ત યુવકની ફરિયાદને આધારે મોરબી તાલુકા પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, મોરબી તાલુકાના પાનેલી ગામે રહેતા વિશાલભાઈ ઉર્ફે જેન્તીભાઈ રાજેશભાઈ કટેશીયા ઉવ.૧૮ એ રાજકોટ સિવિલ હોસ્પિટલના બિછાનેથી આરોપી તુલસીભાઈ અણદાભાઈ ચાવડા, સંજયભાઈ અણદાભાઈ ચાવડા, રાજદીપભાઈ તુલસીભાઈ ચાવડા અને મનીષ તુલસીભાઈ ચાવડા બધા રહે.પાનેલી ગામ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, આરોપી તુલસીભાઈ ફરિયાદીના ફુવા થતા હોય અને અગાઉ આરોપીઓ સાથે પારિવારિક મનદુઃખ થયું હોય તેમજ ગત તા.૦૭/૦૨ના રોજ આરોપી ફુવાના દીકરા આરોપી મનીષભાઈના મોટર સાયકલની સાઈડ કાપવા બાબતનો ખાર રાખી ગઈ તા.૦૮/૦૨ના રોજ ફરિયાદી વિશાલભાઈ ઉર્ફે જેન્તીભાઈ પાનેલી ગામે પાન-માવો લેવા આવ્યા ત્યાં, આરોપી તુલસીભાઈ સહિત ચારેય આરોપીઓએ ફરિયાદીને લાકડબા ધોકા તથા લાકડીઓથી બેફામ માર માર્યો હતો. આ દરમિયાન ગામલોકો એકઠા થઈ વધુ મારથી છોડાવેલ ત્યારે પોલીસ કેસ કરીશ તો જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ચારેય આરોપીઓ ચાલ્યા ગયા હતા.

ત્યારે હુમલામાં ઈજાગ્રસ્ત ફરિયાદીને પ્રથમ મોરબી બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સરકારમાં ખસેડવામાં આવતા, જ્યાં પાસડીઓમાં ફ્રેકચર જેવી ઈજાઓની સારવાર ચાલુ હતી. હાલ તાલુકા પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજ્ય કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં જામનગરનું ગૌરવ : પ્રગતિ ટાંક ચિત્રકલામાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ

**મુખ્ય સમાચાર, જામનગર**

મોરબી ખાતે યોજાયેલ રાજ્યકક્ષાની સ્પર્ધામાં સત્યસાંઈ વિદ્યાલયની વિદ્યાર્થિનીએ મેળવી ઝળહળતી સફળતા મેળવી જામનગરનું ગૌરવ વધાર્યું છે.ગુજરાત રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત 'ગુજરાત રાજ્ય બાળ પ્રતિભા શોધ- ૨૦૨૫-૨૬' અંતર્ગત જામનગરની વિદ્યાર્થિનીએ રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શહેરનું નામ રોશન કર્યું છે. મોરબી જિલ્લા ખાતે ગત યોજાયેલ આ રાજ્ય કક્ષાની વિવિધ સ્પર્ધાઓના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે, જેમાં જામનગરની કલા પ્રતિભા ખીલી ઉઠી છે.આ સ્પર્ધામાં જામનગરની શૈક્ષણિક સંસ્થા સત્યસાંઈ વિદ્યાલયની વિદ્યાર્થિની પ્રગતિ પ્રતિકકુમાર ટાંકે ચિત્ર સ્પર્ધામાં પોતાની અદભૂત કલા અને મૌલિકતાનું પ્રદર્શન કર્યું હતું. રાજ્યભરમાંથી આવેલા અનેક પ્રતિભાશાળી સ્પર્ધકો વચ્ચે પ્રગતિ ટાંકે પોતાની ચિત્રકલાના જોરે સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે.વિદ્યાર્થિનીની આ



વિશિષ્ટ સિદ્ધિ બદલ શાળા પરિવાર, જામનગરનું કલા જગત અને શિક્ષણ વિભાગ દ્વારા તેને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. બાળ પ્રતિભા શોધ જેવી સ્પર્ધાઓ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાનું પ્લેટફોર્મ પૂરું પાડે છે, પ્રગતિની આ સફળતા અન્ય બાળકો માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.

# મોરબી તાલુકામાં અલગ અલગ સ્થળે ત્રણ અપમૃત્યુના બનાવ નોંધાયા, પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં એક જ દિવસે અલગ અલગ ત્રણ અપમૃત્યુના બનાવ નોંધાયા છે. જેમાં જોધપર નદી ગામમાં એસિડ પીવાથી, પાવળીયારી કેનાલ પાસે કારખાનાની લેબર કોલોનીમાં અચાનક મોત અને લગધીરપુર રોડ પર લેબર કોલોનીમાં ગળેફાંસો ખાઈ મોત થયાના બનાવો સામે આવ્યા છે. પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

અપમૃત્યુનો પ્રથમ બનાવ મોરબી તાલુકાના જોધપર નદી ગામમાં નોંધાયો હતો. જેમાં સંજયભાઈ માધવદાસ દેવમુરારી ઉવ.૫૧ રહે. જોધપર નદી ગામ વાળા લાંબા સમયથી પગની પળીયાની બીમારીથી પીડાતા હોવાથી કંટાળી પોતાના ઘરે કોઈ પણ સમયે એસિડ પી લીધું હતું. બાદમાં તેમને સારવાર અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું. આ બાબતે તાલુકા પોલીસે અ.મોત નોંધવામાં આવી છે.

જ્યારે બીજો બનાવ પાવળીયારી કેનાલ પાસે આવેલી લીમોજા સિરામિક કારખાનાની લેબર કોલોનીમાં નોંધાયો હતો. અહીં રહેતા ધર્મેન્દ્ર પ્રભુલાલ જંશવત ઉવ.૩૨નું કોઈ કારણસર પોતાના રૂમમાં જ અચાનક મોત નીપજ્યું હતું. જેથી મૃતદેહને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે લાવવામાં આવ્યો હતો. આ ઘટનાને લઈને પોલીસે અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત ત્રીજો બનાવ લગધીરપુર રોડ પર આવેલી ઓક્ટીવા સિરામિક કારખાનાની લેબર કોલોનીમાં સામે આવ્યો હતો. અહીં રહેતા રામઅવતાર રામનિવાસ પાલ એ કોઈ કારણસર પોતાના રૂમમાં ગળેફાંસો ખાઈ લેતા મોતને ભેટ્યા હતા. લાશને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી. આ સંદર્ભે પોલીસે અ.મોત નોંધવામાં આવી છે અને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# જસદણના આંબરડી ગામે ખેડૂતની આંખમાં મરચાની ભૂકી છાંટી હાથપગ ભાંગી નાંખ્યા

## વારસાઈ જમીન બાબતે ચાલતી તકરાર સબબ કાકા-કાકી સહિતનાઓનો પાઈપ વડે હુમલોઃ ચાર સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણના આંબરડી ગામે વારસાઈ જમીન બાબતે ચાલતા મનદુખ સબબ યુવાન પર કાકા-કાકી સહિતના પરિવારજનોને હુમલો કર્યો હતો. યુવાનની આંખમાં મરચું છાંટી દઈ તેને પાઈપ વડે બેફામ મારમારી હાથ-પગ ભાંગી નાખ્યા હતા.યુવકને માથામાં પણ ઈજા પહોંચાડી હતી. જે અંગે યુવાનની ફરિયાદ પરથી જસદણ પોલીસે ચાર સામે ગુનો નોંધ્યો છે.

આ અંગેની માહિતી મુજબ જસદણના આંબરડી ગામે કાંસકોલીયા રોડ પર રહેતા ખેડૂત યુવાન દિનેશભાઈ વલ્લભભાઈ ઓતરાદી(ઉ.વ ૪૧) એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કાકા હિંમતભાઈ ઓતરાદી, કાકી હેમુબેન, પિતરાઈ રાહુલ અને કાજલબેનનું નામ આપ્યું છે.

યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૦૭/૦૨/૨૦૨૬ના સવારથી તે આંબરડી ગામે કૌટુંબિક ભાઈ ઘનશ્યામભાઈ ભીમજીભાઈના દીકરાના લગ્ન હોય ત્યાં રસોડે કામકાજમાં મદદ કરાવતો હતો. બાદ લગ્ન પતાવી બપોરે ૨૩૦ વાગ્યાના આસપાસ તે કાંસકોલીયા રોડ પર આવેલ દુકાને મસાલો ખાવા જતો હોય ત્યારે યુવાનને જાણવા મળેલ કે, સંયુક્ત વારસાઈની જમીનમાં તેના કાકા થ્રેસર ચલાવતા હતા. આ જમીન યુવકના પિતા તથા કાકા હિંમતભાઈ તથા ફઈઓના ભાગમાં હોય જેથી યુવાન પરે જઈને જમીનના વારસાઈના કાગળ લઈ બાઈકમાં ભાઈના દીકરા વિવેકને બેસાડીને કાકાને જમીનના કાગળ બતાવવા ગયેલ હતો.

અહીં વાડીએ જતા ત્યા નવાગામનો કરમશીભાઈ શિયાળ તેનું ટ્રેક્ટર અમારી ભાગની જમીનમાં ચલાવતો હતો. જેથી યુવાને તેને ટ્રેક્ટર બંધ કરવા કહેતા મારા કાકા હિંમતભાઈના ભાઈના પત્ની હેમુબેન અને તેમની દીકરી કાજલબેને ઉશ્કેરાઈને યુવાનની આંખોમાં મરચાનો પાવડર નાખી દીધેલ હતો. બાદ થોડીવારમાં મારા કાકા હિંમતભાઈ લઘરાભાઈ ઓતરાદી, તેમનો દીકરો રાહુલ લોખંડના પાઈપ લઈને ધસી આવેલ હતા અને લોખંડના પાઈપ વડે મને માર મારવા લાગેલ હતા. જેમાં મને આંખમાં મરચાનો પાવડર જતા બળતરા થવા લાગતા મને ખબર પડેલ નહીં કે કોણે કોણે ઘા મારેલ હતા. હુમલામાં મને માથામાં, હાથમાં અને પગમાં પાઈપના ઘા વાગતા ઈજાઓ થયેલ હતી અને લોહી નીકળવા લાગેલ હતું.

હુમલાને પગલે દેકારો થતા આજુબાજુમાંથી લોકો ભેગા થઈ જતા સામાવાળા ગાળો બોલતા બોલતા ત્યાંથી જતા રહેલ હતા. મને ઈજા થયેલ હોય ગામના સરપંચ સહિતના દોડી આવ્યા હતા અને મને રિક્ષામાં ઘરે પહોંચાડેલ હતો અને ત્યાંથી સારવાર અર્થે જસદણ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે પ્રાથમિક સારવાર આપી રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કર્યો હતો. જયા મને માથામાં ત્રણ ટાકા અને ડાબા હાથ-પગમાં ફ્રેક્ચર થયાનું તબીબે જાહેર કર્યું હતું.

બનાવ અંગે ખેડૂતે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, અમારી વારસાઈ જમીન મારા કાકા હિંમતભાઈ લઘરાભાઈ ઓતરાદી ઘણા વર્ષોથી વાવતા હોય જે જમીનના ભાગ બાબતે અમારે તેઓની સાથે જૂનું મનદુઃખ ચાલતું હોય અને તે જમીનમાં હિંમતભાઈ વાવેતર કરીને ટ્રેટર ચલાવતા હોય જે રોકવા જતા મારી ઉપર હુમલો કરવામાં આવ્યો હતો.

# કોટડા સાંગાણીના પીપલાણાની પરિણીતાને શંકાશીલ પતિ, નણંદ અને જેઠાણીનો ત્રાસ

## પતિ ચારિત્ર બાબતે શંકા કરી મારકૂટ કરતોઃ પરિણીતા માવતર આવી જતા ત્રણે અહીં આવી મારમાર્યો ભેડલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણના રાણીંગપર ગામે માવતરના ઘરે રહેતી પરિણીતાએ કોટડા સાંગાણીના પીપલાણા ગામે રહેતા પતિ અને બેડલા ગામે રહેતી નણંદ તથા જેઠાણી વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી છે. પરિણીતા અહીં માવતરના ઘરે આવી હતી. દરમિયાન ત્રણયે અહીં વાડીએ આવી પરિણીતાતાને મારમાર્યો હતો.

જસદણ તાલુકાના રાણીંગપર ગામે રહેતી નીતાબેન (ઉ.વ ૩૨) નામની પરિણીતાએ ભાડલા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પતિ મહેશ રઘુભાઈ કુકડીયા તથા બેડલા ગામે રહેતા નણંદ દયાબેન વિશાલભાઈ સોરાણી અને જેઠાણી વસંતબેન સોરાણીના નામ આપ્યા છે. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગઈ તા. ૧૯/૧૦/૨૦૧૯ ના કોટડા સાંગાણી તાલુકાના પીપલાણા ગામે રહેતા મહેશ કુકડીયા સાથે તેના લગ્ન થયા હતા.લગ્નજીવન થકી સંતાનમાં છ મહિનાનો પુત્ર શિવાન્સ છે. લગ્નના એકાદ વર્ષ સુધી પતિએ સારી રીતે રાખ્યા બાદ પતિ ચારિત્ર બાબતે શંકા કરી અને ઘરકામ બાબતે અવારનવાર કહેતો હતો કે તું ઘરનું કામ સરખું કરતી નથી તેમ કહી બોલાચાલી કરી માથાકૂટ કરતો હતો.

નણંદ દયાબેન પણ ઘરે અવારનવાર આવતા અને પતિને કહેતા હતા કે આને ઘરનું કામ સરખું આવડતું નથી તેમ કહી પરિણીતા વિરુદ્ધ પતિની ચડામણી કરતી હતી. પતિ બોલાચાલી અને માથાકૂટ કરી ઢીકાપાટુનો માર મારતો હતો પરંતુ પરણીતાને ભવિષ્યમાં સારૂ થઈ જશે તેવું માની આ બધું સહન કર્યું હતું.

ત્રણેક મહિના પૂર્વે પરિણીતાથી દુઃખ ત્રાસ સહન ન થતાં પોતાના પુત્રને લઈ માવતરના ઘરે આવી ગઈ હતી. દરમિયાન પતિ અને નણંદ દયાબેન તથા જેઠાણી વસંતબેન બધા અહીં આવ્યા હતા અને કહ્યું હતું કે ક્યાં ગયો મારો છોકરો? તેમ કહી બોલાચાલી કરી ત્રણેય ઢીકાપાટુનો મારમાર્યો હતો. પરિણીતાએ બૂમાબૂમ કરતા તેની માતા તથા પિતા આવી જતા આ ત્રણે અહીંથી જતા રહ્યા હતા જેથી અંતે પરણીતાએ પતિ નણંદ અને જેઠાણી વિરુદ્ધ ભાડલા પોલીસ સ્ટેશનમાં આ ફરિયાદ નોંધાવી હતી.

# પત્નીને અન્ય યુવક સાથે મનમેળ થતાં છુટાછેડા આપ્યા બાદ પણ ભૂલી ન શકતાં પતિએ જીવ આપી દીધો

## ૧૩ વર્ષના પુત્રને મૂકીને યુવક સાથે ભાગી જતાં પતિ ગુમસૂમ રહેતો હતો, પરિવાર લગ્નમાં જતાં પાછળથી ફાંસો ખાઇ લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલ ભગવતી પાર્ક વિસ્તારમાં આપઘાતની ઘટના સામે આવી છે. પત્ની ૧૩ વર્ષના પુત્રને મૂકીને અન્ય યુવક સાથે ભાગી જતાં છૂટાછેડા બાદ પણ પત્નીને ભૂલી ન શકતાં વિરહમાં ૩૫ વર્ષીય યુવકે ફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી હતી.

આ અંગેની વિગતો મુજબ, કોઠારીયા રોડ અખાડા વાડી શેરીમાં રહેતો રવિ કિશોરભાઈ પરમાર નામનો યુવક ચાંદી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતો. રવિવારે યુવકનો પરિવાર જામનગર ખાતે ભાણેજના લગ્ન પ્રસંગમાં ગયો હતો.

ત્યારે પાછળથી રવિએ ઘરે છતના હૂંકમાં દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પડોશમાં રહેતાયુવકે ઘરે જઈ તપાસ કરતા રવિભાઈ લટકતી



હાલતમાં જોવા મળ્યા હતા તાત્કાલિક યુવકે રવિના બનેવી સુનિલને જાણ કરી હતી. રવિ પરમારને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. બનવાની જાણ થતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, રવિના લગ્ન જામનગરની આશિકા ઝાખરિયા સાથે થયા હતા અને તેમને ૧૩ વર્ષનો એક પુત્ર પણ છે.

ગત દિવાળીના સમયે રવિની પત્નીને અન્ય એક યુવક સાથે પ્રેમ થતા તે ૧૩ વર્ષના પુત્ર અને પતિને છોડીને ભાગી ગઈ હતી.આ ઘટના બાદ બંને વચ્ચે છૂટાછેડા (ડિવોર્સ) થઈ ગયા હતા. રવિ પત્નીને અત્યંત પ્રેમ કરતો હોવાથી ડિવોર્સ બાદ સતત ગુમશુમ રહેતા હતો. પત્નીના જવાથી લાગેલો આઘાત સહન ન થતાં તેણે આ પગલું ભર્યું હતું.

# બોટાદના ખંભાળા નજીક દારૂનું કટીંગ થાય તે પહેલા એસએમસી ત્રાટકી૧.૨૮ કરોડનો વિદેશી દારૂ જબ્બે

**મુખ્ય સમાચાર, બોટાદ**

બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના ખંભાળા નજીક વિદેશી દારૂનું કટિંગ થતું હતું એ વેળાએ જ સ્ટેટમોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડી ૧,૨૮,૮૪,૭૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો અને પાંચ વાહનો પકડી પાડયા હતા. પોલીસને જોઈને વાહનચાલકો ફરાર થઈ ગયા હતા. નવ શખસો સામે ગુનો નોંધાવાયો છે.

એસએમસીની ટીમે બોટાદ જિલ્લામાં વધુ એક વખત મોટો દરોડો પાડયો છે. વિદેશી દારૂ ભરેલા ટ્રકમાંથી અન્ય વાહનોમાં કટિંગ થઈ રહ્યાની માહિતીના આધારે પીએસઆઈ વી.એન. જાડેજા તથા ટીમે દરોડો પાડયો હતો. ખંભાળા



ગામે ખુલ્લામાં અન્ય વાહનોમાં દારૂનો જથ્થો ટ્રાન્સફર થઈને સગેવગે થાય એ પૂર્વે જ દરોડો પાડતા વાહનો રેઢા મુકીને બુટલેગરો, સાગરિતો નાસી છૂટ્યા હતા. ટ્રકની તલાશી લેતા અંદરથી પંજાબ પ્રાંતની બનાવટનો અલગ-અલગ બ્રાન્ડનો ૧૬,૮૨૦ બોટલ દારૂ મળી આવ્યો હતો. દારૂ તેમજ ૫૨.૧૦ લાખના પાંચ વાહનો કબજે કરાયા હતા અને બરવાળા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો. દારૂનો જથ્થો બરવાળાના ખંભાળાના હિતેન્દ્ર ઉર્ફે મુન્નો અનકુભાઈ ખાચરે મંગાવ્યો હતો સાથે ગઢડાના રાયપર ગામનો વિજય રવુભાઈ બોરીચા નામના શખસ ભાગીદાર હોવાનું બન્ને સામે તેમજ કબજે થયેલા બેટ્રક તથા બે કાર બે પિકઅપ તથા બાઈકના ચાલકો, માલિકો સામે ગુનો નોંધાવાયો છે.

# મોરબીના ભડિયાદ ગામ નજીક ૫ નંગ ચપલા સાથે એક ઈસમની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના ભડિયાદ ગામ નજીક મિલેનિયમ વિટ્રીફાઇડ કારખાને જવાના રસ્તે જાહેરમાં આરોપી જયદીપ ઉર્ફે જયુ બેચરભાઈ ચાઉ ઉવ.૩૬ રહે. સો ઓરડી શેરી નં-૮ વાળાને તાલુકા પોલીસે રોકી તેની પાસે રહેલ કાપડના થેલાની તલાસી લેતા તેમાંથી ઈંગ્લીશ દારૂ કિંગ્સ વોડકાની ૧૮૦મીલી.ની ૫ નંગ બોટલ કિ.રૂ.૫૦૦/- મળી આવતા, આરોપીની અટક કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




# અંડરબ્રીજમાં પસાર થતી કાર અચાનક સળગીઃ સદનસીબે કોઇ જાનહાની ન થઇ

***આમ્રપાલી અંડરબ્રિજમાંથી પસાર થતી એક કારમાં આગ ભભૂકી ઉઠતા ચાલક સર્તક બની નીચે ઉતરી ગયા બાદ કાર બળીને ખાખ થઇ ગઇ હતી. સદનસીબે આ ઘટનામાં કોઇ જાનહાની થવા પામી ન હતી. બનાવના પગલે ફાયર કાફલો ઘટના સ્થળે દોડી જઇ પાણીનો મારો ચલાવી આગ કાબુમાં કરી હતી.***

# સરધાર ગામે વડીલો પાર્જીત જમીન બારોબાર વેંચી દઇ ઠગાઇ કરતા ફરીયાદ

## રાજકોટમાં રહેતા કોન્ટ્રાકટરે કાકા-કાકી અને પીતરાઇ ભાઇ વિરૂધ્ધ આજીડેમ પોલીસમાં ફરીયાદ કરતા પોલીસે તપાસ હાથ ધરી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરધાર ગામનો વતની અને હાલ રાજકોટમાં રહેતા કોન્ટ્રાકટર પટેલ યુવાનના પિતાની વડીલો પાર્જીત જમીન કાકા-કાકી સહિતના શખ્સોએ બારોબાર વેંચી નાખી ભાગ નહીં આપતા આજીડેમ પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે. બનાવના પગલે પીએસઆઇ એસ.વી.ગોહીલે પ્રાથમીક તપાસ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં ઓમ હોસ્પિટલની બાજુમાં રહેતા અને મુળ સરધાર ગામનો વતની લલીતભાઇ મનસુખભાઇ ઠોલરીયા નામના પટેલ યુવાને આજીડેમ પોલીસમાં તેના કાકા કિશોર નરશીભાઇ ઠોલરીયા, કાકી કંચન કિશોર ઠોલરીયા અને કૌટુંબીક ભાઇ દર્શન કિશોર ઠોલરીયા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, અગાઉ સરધાર ગામે તેના પિતા મનસુખભાઇ ઠોલરીયા અને નરશીભાઇ ઠોલરીયાની વડીલોપ્રાજીત જમીન આવેલી હોય અને પંચોની હાજરીમાં વડીલો પાર્જીત જમીનમાં ભાયુ ભાગ પાડવામાં આવ્યા હતા. ત્યારબાદ બન્ને ભાઇઓને અલગ-અલગ જમીન આપવામાં આવી હોય પરંતુ કાકા-કાકી સહિત ત્રણ શખ્સોએ પટેલ યુવાનના પિતાની ભાગની જમીન પચાવી પાડવાના બદઇરાદાથી પોતાના નામે કરાવી લઇ ભાગ નહીં આપી ઠગાઇ કરતા ફરીયાદ નોંધાવી છે. બનાવના પગલે આજીડેમ પોલીસ મથકના પીએસઆઇ એસ.વી.ગોહીલે સરધારના કિશોર ઠોલરીયા, કંચન ઠોલરીયા અને તેના પુત્ર દર્શન ઠોલરીયા વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# નવાગામના આવાસના કવાર્ટરમાં પરસ્ત્રી સાથેના આડા સંબંધનો વિરોધ કરતા પત્નીને માર પડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે કુવાડવા રોડ પર આવેલા નવાગામ વિસ્તારમાં આવાસના કવાર્ટરમાં રહેતી પત્નીએ પરસ્ત્રી સાથેના સંબંધનો વિરોધ કરતા પતિએ મારમારી ઈજા કરતા બી ડિવિઝન પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની વિગત મુજબ નવાગામમાં આવાસના કવાર્ટરમાં રહેતી સોનબાઇ ઇમરાન મોગલ નામની ર૭ વર્ષીય મહિલાએ તેના પતિ ઇમરાન અનવર મોગલ વિરૂધ્ધ બી ડિવિઝન પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, છેલ્લા ૧૦ વર્ષથી તેના પતિ ઇમરાનને અન્ય સ્ત્રી સાથે આડા સંબંધ હોય જેથી તેનો વિરોધ કરતા આ શખ્સે તેની પત્નીને અવારને અવાર શારીરીક-માનસીક ત્રાસ આપી ગઇકાલે ધીકાપાટુનો માર મારી તથા સ્ટીલના પાઇપ વડે મારમારી ઇજા કરી નાસી ગયો હતો. બનાવના પગલે પરણીતાએ પોલીસમાં ફરીયાદ નોંધાવતા પીએસઆઇ એ.એન.શ્યોરાએ પ્રાથમીક તપાસ હાથ ધરી છે.

# ધરમનગર આવાસના કવાર્ટરમાં થયેલી ઘરફોડ ચોરીના ભેદ ઉકેલાયોઃ બે ઝબ્બે

## રૈયાધાર પાસે ચોરાઉ બાઇક સાથે બેલડી ઝડપાઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સાધુવાસવાણી રોડ પર આવેલા ધરમનગર આવાસ યોજના કવોર્ટરમાં થયેલી ઘરફોડ ચોરીનો ગાંધીગ્રામ-ર યુની. પોલીસે ભેદ ઉકેલી નાખી બે શખ્સોની ધરપકડ કરી રીક્ષા સહિત રૂ.૭ર હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.



આ અંગેની માહિતી મુજબ ગાંધીગ્રામ-ર યુની. પોલીસના એચ.એન.પટેલની સુચનાથી પીએસઆઇ વી.જી.ડોડીયા, હેડ કોન્સ. પ્રતાપસિંહ, પ્રાદિત્યસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, ધરમનગર શેરી નં.૧માં બંધ મકાનમાંથી થયેલ ચોરીના મુદ્દામાલ સાથે બે શખ્સો રૈયા ગામથી પસાર થવાના હોવાની હકિકત મળતા પોલીસે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન મેલડી માતાજીના મંદિર પાસે કાચા રસ્તે રીક્ષા નંબર જીજે૦૩બીએકસ૬૫૧ નંબરમાં મેહુલ પરસોતમ સોલંકી, અતુલ મનસુખ મકવાણા નામના બે શખ્સો નિકળતા પોલીસે તેને અટકાવી તલાસી લેતા ચોરાઉ મુદ્દામલ મળી આવતા પોલીસે બન્નેની ધરપકડ કરી રીક્ષા સહિત રૂ.૭ર હજારનો મુદ્દામાલ કબ્જે કરી અન્ય એક આરોપી ગોપાલ હિરા ફારકીયાની શોધખોળ આદરી છે.




જયારે અન્ય બનાવમાં ગાંધીગ્રામ-ર યુની. પોલીસે રૈયાધાર મફતીયાપરામાં ચોરાઉ બાઇક સાથે ઉમેશ દિનેશ વાઘેલા (રહે.નાણાવટી ચોક, આવાસ યોજના કવાર્ટર) તથા કિરણ રમેશ સોલંકી (રહે.રામાપીર ચોકડી, ઇન્દીરાનગર) નામના બન્ને શખ્સોને દબોચી લઇ રૂ.ર૫૦૦૦ કિંમતનું ચોરાઉ બાઇક કબ્જે કર્યુ છે.

# માલાબાર ગોલ્ડ શો રૂમમાંથી સોનાના ચેઈનની ચોરી કરનાર આંતરરાજય ગેંગનો સાગરીત ઝડપાયો

## ત્રણ મહિલા સહીત ચાર શખ્સો પુનાથી રાજકોટ ચોરીને અંજામ આપવા આવ્યા હતાઃ વર્ષા અને ધનરાજે સાથે મળીને રૂ. ૪.૭૨ લાખની કિંમતનો ચેઈન સેરવી લીધા બાદ કારમાં બેસી ખાટુશ્યામ દર્શન કરવાં નાસી ગયા’તા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યાજ્ઞિક રોડ પરના માલાબર ગોલ્ડ એન્ડ ડાયમંડસ શો રૂમમાંથી રૂ.૪.૭૨ લાખના સોનાના ચેઈનની ચોરીના બનાવમાં પોલિસે આંતરરાજ્ય તસ્કર ગેંગના સાગરીતને દબોચી લઈ રૂ. ૮૦ હજારની રોકડ કબ્જે કરી છે. જયારે અન્ય ત્રણ મહીલા તસ્કરોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

ગઈ તા.૨૩ ની રાત્રીએ યાજ્ઞિક રોડ ઉપર ડી.એચ.કોલેજની બાજુમાં આવેલ મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડસના શોરૂમમાંથી સોનાના જુદા જુદા આભુષણો દાગીનામાં એક સોનાનો ચેઈન નંગ-૦૧ જેનું વજન ૨૭.૫૯ ગ્રામ, ૨૨ કેરેટ જેની કિંમત રૂ.૪.૭૨ લાખનો મુદામાલની ચોરી થયાની સામે આવતાં શો રૂમના મેનેજર વિજયભાઈ બુલચંદાણીએ એ.ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ઉપરાંત સીસીટીવી ફુટેજ જોતા ફુટેજમાં ગઈ તા.૨૩ ના બપોરના ૦૪/૫૦ વાગ્યે એક અજાણી સ્ત્રી મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડસ ડીસ્પ્લેય ટ્રે માંથી સોનાનો ચેઈન ચોરી કરતી નજરે જોવામા આવેલ હતી.



બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી મહિલા તસ્કરની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન પીએસઆઈ એસ એમ રાણાની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરતા ચોરીની ઘટનામાં આંતરરાજ્ય ગેંગ શામેલ હોવાનું સામે આવ્યું હતું. પોલિસે મહારાષ્ટ્રના પુણાથી ધનરાજ વિજય પરમાર (ઉવ ૪૯ રહે. પુણા, મહારાષ્ટ)ને દબોચી પૂછપરછ કરતા મોટા ખુલાસા થયાં છે.પકડાયેલ શખ્સે કબૂલાત આપી હતી કે, તે વર્ષા ધીરજ પરમાર(રહે. થાણે, મુંબઈ), ચંદા નાગપુરે (રહે. થાણે, મુંબઈ) અને શ્યામાદેવી (રહે. થાણે, મુંબઈ) એમ ચારેય શખ્સો કારમાં રાજકોટ ખાતે આવ્યા હતા. ચારેય એકસાથે મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ શો રૂમમાં ગયા હતા. તે દરમિયાન વર્ષા અને ધનરાજ બાજુ બાજુમાં બેસી ઘરેણાં જોતા હતા. બાદમાં તકનો લાભ મળતા જ વર્ષાએ રૂ. ૪.૬૨ લાખનો સોનાનો ચેઈન સેરવી લીધો હતો. જે બાદ ચારેય શો રૂમમાંથી નીકળી ગયા હતા અને કારમાં જ રાજસ્થાનના ખાટુશ્યામ દર્શન કરવા નાસી ગયા હતા. બાદમાં ચારેય પોતપોતાના ઘરે પરત ફરી ગયા હતા. દરમિયાન વર્ષાએ સોનાનો ચેઈન વેંચી રોકડી કરી લીધી હતી અને ચોરીની ભાગબટ્ટાઈમાં ધનરાજને રૂ. ૮૦ હજાર મળ્યા હતા. જેથી એ ડિવિઝન પોલિસે ધનરાજ વિજયભાઈ પરમારની ધરપકડ કરી રૂ. ૮૦ હજારની રોકડ રીકવર કરી તેના એક દિવસના રિમાન્ડ મેળવ્યા છે. જયારે ચોરીને અંજામ આપનાર વર્ષા પરમાર સહીત ત્રણેય મહિલાઓની શોધખોળ હાથ ધરી હતી.

# ચંપકનગરમાં ૧.૬૨ કરોડની ચાંદી ચોરીમાં ક્રેટા કાર સાથે બોટાદ પંથકનો શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચંપકનગરમાં ગઈ તા.૦૪ ને મોડી રાતે બે વાગ્યે રૂ.૧.૬૨ કરોડના ચાંદીના દાગીનાની ચોરી કરી તસ્કરો કેટા કારમાં નાસી છૂટ્યા હતાં. જે બાદ સૌથી મોટી ચોરીની ઘટનામાં રાજકોટ શહેરની તમામ પોલીસ તસ્કરોને પકડવામાં દોડી હતી, પરંતુ સ્થાનિક પોલીસને અંતે પગેરું મળ્યું હી અને બોટાદ પંથકમાંથી જાદુઈ કેટા કાર સાથે એક શંકાસ્પદને ઉઠાવી લઈ ક્રાઇમ બ્રાન્ચે આકરી સરભરા કરતાં વટાણા વેરી નાંખ્યા હોવાનું સામે આવી રહ્યું છે. પકડાયેલ શખ્સની પ્રાથમિક પૂછ્તાછમાં દાંતીવાડાનો શખ્સ મુખ્ય સૂત્રધાર હોવાનું પણ ખુલ્યું હતું હાલ કાઈમ બ્રાન્ચની ટીમે બોટાદ પંથકમાં ધામા નાંખી પકડાયેલ શખ્સના ઘરના સીસીટીવી ફટેજ કબ્જે કરવાં કવાયત આદરીસાંજ સુધીમાં ભેદ ઉકલાઈ તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.





આ બનાવ અંગે રૈયા સર્કલ પાસે રામેશ્વર પાર્ક-૦૧ શેરી નં.૧ માં રહેતા મૂળ પડધરીના વિમાસણ ગામના વતની અતુલભાઈ લિંબાભાઈ બુસા (ઉ.વ.૩૯)એ છેલ ફરિયદમાં જણાવ્યું હતું કે, તેઓને પેડક રોડ ચંપકનગર-૦૧ ખત્રીની વાડીની પાસે બીપીનભાઈના મકાનમાં શક્તિ સિલ્વર નામની પેઢી આવેલ છે.

જ્યાં તેઓએ ગઈ તા. ૦૩ ના સાંજે ચારેક વાગ્યે પેઢીને તાળુ મારી ચાવી સાથે લઈ લગ્ન પ્રસંગમાં જતો રહેલ હતો. બાદ સવારના તેઓ ઘરે હતા ત્યારે પોણા નવેક વાગ્યાની આસપાસ કાકા જયેશભાઈ બુસાનો ફોન આવેલ કે, તારી પેઢીના દરવાજા ખુલ્લા છે, તેમ જણાવતા તુરત જ ત્યાં ગયેલ તો ત્યાં કાકા જયેશભાઈ અને બીપીનભાઈ હાજર હતા, પેઢીમાં જોયેલ તો પેઢીના દરવાજા પર લોખંડની જાળી પરનો લોક જોવામાં આવેલ નહી તેમજ દરવાજા પાસે આશરે બે ફુટનો લોખંડનો સળીયો પડેલ જોવામાં આવેલ જાળી પછીના રૂમમાં તપાસ કરતા ચાંદીના વિંછીયા તેમજ સાંકળા આશરે ૫૦ ટચના તૈયાર કરેલ દાગીના પ્લાસ્ટીકના બોક્ષમાં ભરેલ હતા, તે બોક્ષની ૧૧ બોરી જોવામાં આવેલ નહી જેમાં આશરે ૧૩૦ થી ૧૪૦ કિલો ગ્રામ જેટલા તૈયાર ચાંદીના દાગીના હતા, જેની કિંમત આશરે રૂ. ૧,૬૨,૫૦,૦૦૦ ગણાય. જે કોઈ અજાણ્યા ચોર પેઢીના જાળીના ભાગે મારેલ તાળુ તોડી ચોરી કરી લઈ જતાં બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવની જાણ થતા ધારાસભ્ય ઉદય કાનગડ સહિતના અગ્રણીઓ અને બાદમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયાં હતાં. બનાવની ફરીયાદ પરથી ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને બી. ડિવિઝન પોલીસ મથકની અલગ અલગ ટીમોએ તપાસનો ધમધમાટ આદર્યો હતો. જો કે, ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંતે તસ્કરોનું પગેરું મેળવવામાં સફળ થઈ હોય તેવું ચિત્ર સામે આવી રહ્યું છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ક્રાઈમ બ્રાન્ચની ટીમે બોટાદ પંથકમાંથી ચોરી કરવા તસ્કરો જે કેટા કરમાં આવ્યા હતા તે પકડી તેની સાથે એક શંકાસ્પદ શખ્સને પણ ઉઠાવી લીધો હતો. જે શખ્સની ક્રાઈમ બ્રાન્ચની ટીમે આકરી સરભરા કરતાં મોટા ઘટસ્ફોટ કર્યા હતાં. પકડાયેલ શખ્સની કબૂલાત પરથી ક્રાઈમ બ્રાન્ચની એક ટીમે બોટાદ પંથકમાં ધામા નાંખ્યા છે અને તે શખ્સના ઘરના સીસીટીવી અને ડીવીઆર કબ્જે કરી તપાસ આદરી છે. તેમજ દાંતીવાડા પંથકનો શખ્સ મુખ્ય સૂત્રધાર હોવાનું પણ સામે આવી રહ્યું છે.

# ઈન્સ્ટાગ્રામમાં કોમેન્ટ કરનાર યુવક પર છરીથી હુમલો

## જૂના માર્કેટીંગ યાર્ડ નજીક રહેતા યુવકને સેટેલાઇટ ચોકમાં બોલાવી ત્રણ શખ્સોએ છરીના ઘા ઝીંકી દિધા, સારવારમાં, બી.ડીવીઝન પોલિસમાં ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર નવયુવાને ઇન્સ્ટાગ્રામમાં કરેલી ખરાબ કમેન્ટને પગલે ત્રણ શખ્સોએ ધસી આવી યુવકને માર મારી છરીનો ઘા ઝીંકી દીધો હતો. જે બનાવ અંગે બી ડિવિઝન પોલિસ મથકમાં ગુનો નોંધાયો હતો.

આ બનાવ અંગે ની માહિતી મુજબ જૂના માર્કેટિંગ યાર્ડ પાસે નરસિંહનગરમા રહેતો ૧૮ વર્ષીય નવયુવાન માનવભાઈ મુકેશભાઈ સોલંકીએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ધવલ અને તેના બે મિત્રોનું નામ આપી જણાવ્યું હતું કે, તે દૂધની ગાડીઓમાં વાયરીંગ કામ કરે છે. સાંજના છ એક વાગ્યાની આસપાસ ધવલ ૮૯ નામની ઈન્સ્ટા આઈડીમાં તેની ઈન્સ્ટા આઈડી કાનુડો.૭૭૭ર માંથી ખરાબ કોમેન્ટ કરેલ હતી. જેથી ધવલનો ઈન્સ્ટાગ્રામમાં કોલ આવેલ હતો. ખરાબ કોમેન્ટ બાબતે માફી માંગેલ તેમ છતાં તેણે કહેલ કે, ના હવે તો રૂબરૂ મળીને વાત થશે. જેથી તેને રૂબરૂ મળવા સેટેલાઈટ ચોક પાસે આવેલ શીલ્ડન સેક સામે આવેલ ખાલી પ્લોટ પાસે બોલાવ્યો હતો. ધવલને મળવા યુવક અને તેન મિત્ર બાઈકમાં રાતના આશરે આઠ વાગ્યે સેટેલાઈટ ચોક ખાતે ગયેલ હતા. આ વખતે ધવલનો ઈન્સ્ટાગ્રામમાંથી કોલ આવતા તેને સરનામું આપતાં થોડીવારમાં એક બાઈક ઉપર ત્રણ સવારીમાં આવી ઊભા રહેલ હતા.

જેથી તેને કહેલ કે, ધવલ તમે જ ને? તમને ગાળ આપેલ હોય જેથી હું માફી માગું છું તેમ કહેતા ધવલ તથા તેની સાથે આવેલ તેના મિત્રો મને ગાળો આપી ઝપાઝપી કરવા લાગેલ હતા. દરમિયાન ધવલની સાથે રહેલ તેના મિત્રએ મને તેની પાસેની છરીથી સાથળના ભાગે એક ઘા મારી દીધેલ હતો, બાદમાં ત્રણેય શખ્સો બાઈક લઈ ત્યાંથી જતા રહેલ હતા. બાદ યુવકને મિત્રો બી ડિવિઝન પોલિસ મથકે લઇ ગયેલ હતા.

પ્રથમ સારવાર અર્થે ૧૦૮ એમ્બયુલન્સમાં સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ગયેલ હતો. સારવાર લીધા બાદ યુવકે ધવલ અને તેના બે મિત્રો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા બી ડીવીઝન પોલિસે ત્રણેયની શોધખોળ શરૂ કરી હતી.

# પત્નીએ કરેલા કોર્ટ કેસથી કંટાળી ટ્રાન્સપોર્ટ સંચાલકનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પત્ની સાથેના વિવાદ અને ત્યારબાદ થયેલા કોર્ટ કેસના માનસિક ત્રાસથી કંટાળીને ૩૭ વર્ષીય યુવાને પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું.

આ બનાવની માહિતી મળતી મુજબ, શહેરના રાજનગર શેરી નંબર-૩માં રહેતા વિશ્વજીતસિહ રાજેન્દ્ર સિહ રહેવર (ઉ.વ.૩૭) નામના યુવકે સોમવારે સવારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોને જાણ થતા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં હાજર તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ થતાં માલવિયાનગર પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.



પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતક વિશ્વજીતસિહ અને તેમની પત્ની વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ઘરકંકાસ ચાલતો હતો. વિવાદ વકરતા પત્ની રિસામણે ચાલી ગઈ હતી અને પતિ વિરુદ્ધ કોર્ટમાં કેસ કર્યો હતો. આ કોર્ટ કેસથી યુવાન માનસિક દબાણમાં રહેતો હોય જેથી તેણે આ પગલું ભરી લીધું હતું. મૃતક મેટોડામાં ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે જોડાયેલા હતો અને બે ભાઈમાં નાનો હતો. આ ઘટનાને પગલે રહેવર પરિવારમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે.

# એક લાખનો પગારદાર જીએસટી અધિકારી પાંચ હજારની લાંચ લેતા ઝડપાયો

## બીકસપોર્ટનાં વેરિફિકેશનનો ફાઈનલ રીપોર્ટ આપવા માટે લાંચ માંગી’તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સીજીએસટીના વર્ગ-રના અધિકારી ધર્મેન્દ્ર સરયુપ્રસાદ યાદવ ૫,૦૦૦ની લાંચ લેતા ઝડપાઈ ગયા છે. ફરિયાદીએ તેમના ભાગીદાર સાથે બીકસપોર્ટ એક્સપોર્ટ ઈમ્પોર્ટ નામની કંપની ખોલી હતી. જે કંપનીના વેરિફિકેશન માટે ફાઈનલ રિપોર્ટ આપવા માટે અધિકારીએ લાંચની માંગણી કરી હતી.જોકે, ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી એસીબીને જાણ કરી હતી. જે દરમિયાન અધિકારી રેસકોસ ગ્રાઉન્ડમાં ૫,૦૦૦ની લાંચ સ્વીકારતા હતા ત્યારે એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે રેડ પાડી અધિકારીને ઝડપી પાડયા હતા. મહિને ૮૦ હજારથી એક લાખ સુધીનો પગાર ધરાવતા ઈન્સ્પેક્ટર મામૂલી રકમની લાંચ માંગતા ઝડપાઈ જતા આ મામલો રાજકોટમાં ચર્ચાસ્પદ બન્યો છે.



આ અંગેની મળતી માહિતી મુજબ, રાજકોટમાં રહેતા ફરિયાદીએ તેમના ભાગીદાર સાથે બીકસપોર્ટ એક્સપોર્ટ ઈમ્પોર્ટ નામની કંપની ખોલી હતી. જે કંપનીના વેરિફિકેશન માટે સીજીએસટીના વર્ગ-રના અધિકારી કંપનીના સરનામા પર ગયા હતા. જે અંગે ફાઈનલ રિપોર્ટ આપવા માટે ગત ૮ ફેબ્રુઆરીના અધિકારીએ ૫૦૦૦ની લાંચની માગણી કરી હતી. જે રકમ આજે ૯ ફેબ્રુઆરીના આપવા માટેનું કહ્યું હતું. જોકે, ફરિયાદી લાંચ આપવા માગતા ન હોવાથી રાજકોટ એન્ટી કરપ્શન બ્યુરોને જાણ કરી હતી. જેથી એસીબીના નાયબ નિયામક બલદેવસિંહ વાઘેલા અને મદદનીશ નિયામક જે.ડી.મેવાડાની આગેવાનીમાં પીઆઈ આર. આર. સોલંકીએ છટકું ગોઠવ્યું હતુ. આજે ૯ ફેબ્રુઆરીના રેસકોર્સ મેદાનમાં આરોપી અધિકારી ફરીયાદી પાસેથી લાંચની રકમ સ્વીકારતા હતા ત્યારે પોલીસે રેડ પડી તેને ઝડપી પાડયા હતા.

# વેપારી સાથે ૮૭ હજારની છેતરપિંડી કરનાર ગઠીયાનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

## બીજાના નામે તેલના ડબ્બા ઓર્ડર આપી વેપારીને ચૂનો ચોપડીયો : કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધ્યોઃ આરોપી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના માંડાડુંગર વિસ્તારમાં રહેતો અને અગાઉ દારૂ, છેતરપીંડી સહિતના ગુનામાં સંડોવાયેલા શખસે પોતાનું નામઠામ બદલી વેપારી પાસેથી ૮૭ હજારના તેલના ડબ્બાઓ મંગાવી પૈસા ન આપી છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવતા કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધ્યો છે. ઉલ્લેખનિય છે કે આરોપી સામે ફરિયાદ નોંધાતા ઝેરી દવા પી લેતા સારવાર અર્થે ખસેડાયો છે.

આ અંગેની માહિતી મુજબ મવડી પાળ રોડ સેલેનીયમ હાઈટસ ૩૦૧ રામધણ ગૌશાળા પાસે રહેતા અને જૂનાગઢની કનૈયા મીની ઓઈલ મીલનું તેલ સપ્લાયરનો વેપાર કરતા પ્રદીપકુમાર છીત્તસ્વામી પાનસેરીયાએ કુવાડવા રોડ પોલીસમાં આજીડેમના માંડાડુંગર પાસે રહેતા ગુર્ણવત ભુપત મેર સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતુ કે ગત.તા.૨/૧૧/૨૫ના તેને અશ્વિન મોલીયા નામના વ્યકિતએ ફોન કરી સીંગતેલના ૫૦ ડબ્બા મહિકાગામે તેની દુકાન રાજખોડલ જનરલ સ્ટોરમાં મોકલવાના હોવાની વાત કરી એક ડબ્બાની કિ.રૂ.૨૯૦૦ નકકી કરેલ જે પૈસા રૂબરૂ આપશે તેમ જણાવ્યું હતું.જેથી વેપારીએ તેની ટેમ્પો ભરી ડ્રાઈવર હિમાંશુ સાદેસરાને ૫૦ ડબ્બા સાથે મોકલ્યો હતો.બાદ ડ્રાઈવર હિમાંશુને શખસે ફોન કરી જણાવ્યું કે તેલના ડબ્બા મહિકા ઉતારવાના નથી પરંતુ મારે કેટરર્સનું કામ રૂડા ટ્રાન્સપોર્ટનગર શિવમ રોડ લાઈન્સની સામે ખટારાના પાર્કીંગ પાસે નવાગામમાં મોકલવાના છે ત્યાં ૩૦ ડબ્બા ઉતારી આપજો તેમ વાત કરેલ હોવાનું ડ્રાઈવરે તેઓને જણાવેલ હતું.જેથી ૩૦ ડબ્બા નવાગામમાં ઉતારી ૨૦ ડબ્બા આજીડેમ ચોકડી પાસે ઉતારવાના છે. ત્યાં ડીલીવરી બાદ પેમેન્ટ કરી આપશે તેમ જણાવેલ જેથી ડ્રાઈવર આજીડેમ ચોકડી પાસે પહોંચી જતા શખસે બેંકમાંથી પૈસા ઉપાડી તમને પેમેન્ટ આપી દેવાનું કહી ફોન બંધ કરી દીધો હતો.જેથી મહિકા ગામમાં જઈ તપાસ કરતા આવી કોઈ દુકાન ન હોવાનું જાણવા મળેલ જેથી નવાગામમાં ડબ્બા ઉતાર્યા બાદ ત્યાંથી રીક્ષામાં ચડાવનાર શિવા માલીકીયાને પૂછ્તા આ તેલના ડબ્બા તેના મિત્ર ગુણવંત ભુપત મેર હોવાનું જાણવા મળેલ આમ આરોપી ગુણવંતે બીજાના નામે તેલના ડબ્બા મંગાવી લઈ રૂ.૮૭ હજાર ન ચુકવી છેતરપીંડી આચરી હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આરોપી ગુણવંત જેની સામે રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં છેતરપીંડી, દારૂ સહિતના ૧૨ ગુનાઓ નોંધાઈ ચુકયા છે. હાલ તેને પણ ઝેરી દવા પી લેતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી આજીડેમ પોલીસને જાણ કરતા હેડ કોન્સટેબલ હેમંત ધરજીયા સહિતનો સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા આરોપીએ જણાવ્યું હતું કે તેના પુત્રની લગ્નની તારીખ નજીક હોય અને તેની સામે કેસ નોંધાતા પગલું ભર્યાનું હાલ પ્રાથમિક કારણ જાણવા મળ્યું છે.

# રૈયા રોડ પર નશામાં ચૂર બનેલા ટ્રાવેલ્સના ધંધાર્થીએ ઢોસાની દુકાને મચાવ્યો આંતક

## ઢોસા ખલાસ થઈ ગયા હોવાનું કહેતા ચાર શખસો ઉશ્કેરાયા તોડફોડ કરી તપેલા અને ડોયા વડે હુમલો કરતા દુકાનનો સંચાલક સહિત બે ઈજાગ્રસ્ત થયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયા રોડ પર હનુમાન મઢી પાસે આવેલી ઢોસાની દુકાનમાં મોડી રાત્રે ખાણીપીણીની બાબતે થયેલી બોલાચાલીએ હિસક સ્વરૂપ ધારણ કર્યું હતું. ઢોસાનો માલ પૂરો થઈ ગયો હોવાનું કહેતા ટૂર એન્ડ ટ્રાવેલ્સના ધંધાર્થી સહીતનાચાર શખસોએ ઉશ્કેરાઈને દુકાન સંચાલક અને તેમના સાળા પર તપેલા તથા ડોયા જેવા વાસણો વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ અંગેની વિગતો મુજબ, કૈલાશ પાર્કમાં રહેતા અને રૈયા રોડ પર ઢોસા કાફે ચલાવતા અબુબકર મોહમદ હનીફ (ઉ.વ. ૪૫) એ મયંક ધર્મેન્દ્રભાઈ ખજૂરિયા (રહે. અલકાપુરી સોસાયટી શેરી નંબર ૧), સુરેશ સાજન ભાઈ દુબે ( રહે. પરસાણા નગર શેરી નંબર ૭) તેમજ બે અજાણ્યા શખસો સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, રાત્રે પોણા બાર વાગ્યાની આસપાસ અબુબકરભાઈ તેમના મિત્રની દુકાને ગયા હતા ત્યારે તેમના સાળા આરીફનો ફોન આવ્યો હતો કે ચાર વ્યક્તિઓ ઢોસા ખાવા માટે આવ્યા છે. આરીફે ઢોસાનો માલ પૂરો થઈ ગયો હોવાનું કહેતા મયંક, સુરેશ અને તેમની સાથેના અન્ય બે શખસોએ બોલાચાલી શરૂ કરી હતી.

અબુબકરભાઈ તાત્કાલિક પોતાની દુકાને પહોંચ્યા અને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આરોપીઓ વધુ ઉશ્કેરાયા હતા અને ઝપાઝપી શરૂ કરી હતી. આરોપી સુરેશે અબુબકરભાઈને માથાના ભાગે ડોયા વડે ફટકો મારતા તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા, જ્યારે મયંક નામના શખસે તપેલા વડે માર માર્યો હતો. અન્ય બે શખસોએ દુકાનમાં રહેલી ખુરશીઓ અને વાસણોમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડયું હતું. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા અબુબકરભાઈ અને તેમના સાળા આરીફને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટના બાદ આસપાસના લોકો એકઠા થઈ જતાં ચારેય હુમલાખોરો ત્યાંથી નાસી છૂટયા હતા.

ગાંધીગ્રામ પોલીસે આ મામલે મયંક અને સુરેશની ધરપકડ કરતાં તેઓએ કેફી પીણું પીધું હોવાનું માલુમ પડતાં અલગથી ગુનો નોંધાયો હતો.